## આજનો સુવિચાર

દુનિયામાં સૌથી વધારે ગરમ વસ્તુ હોય તો તે પૈસો છે, કારણ કે તે સારામાં સારા સંબંધોને બાળી નાખે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૧ જૂનાગઢ તા.૧૨-૦૯-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 231, Junagadh : Date : 12 September, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## વડાપ્રધાન મોદીએ ચીફ જસ્ટીસ ચંદ્રચૂડનાં નિવાસ સ્થાને ગણેશ પુજામાં ભાગ લીધો : શિવસેનાને વાંધો પડયો



નવી દિલ્હી તા. ૧૨ વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડના નિવાસ સ્થાને ગણેશ પૂજન સમારોહમાં ભાગ લીધો હતો. વડાપ્રધાન મોદી જ્યારે ચીફ જસ્ટિસ ચંદ્રચુડના ઘરે પહોંચ્યા ત્યારે તેમનું સ્વાગત ચીફ જસ્ટીસ અને તેમની પત્નીએ કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ મરાઠી સ્ટાઈલમાં સફેદ ટોપી પહેરી હતી. આ પછી પીએમ મોદીએ CJI અને તેમની પત્ની સાથે ભગવાન ગણેશની પૂજા કરી હતી.

જે વીડિયો સામે આવ્યો છે તેમાં જોઈ શકાય છે કે જસ્ટિસ

### ચીફ જસ્ટીસ અમારા કેસથી પોતાને અલગ કરી નાખે : શિવસેના ઉધ્ધવ જૂથની માંગણી

ચંદ્રચુડના ઘરે આયોજિત પૂજામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરંપરાગત મરાઠી ટોપી પહેરીને જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશના ઘણા રાજ્યોમાં ગણપતિ મહોત્સવ ઉજવવામાં આવે છે. તે ખાસ કરીને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ડીવાય ચંદ્રચુડનો જન્મ મુંબઈમાં થયો હતો. અભ્યાસ બાદ તેણે મહારાષ્ટ્ર બાર કાઉન્સિલમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. તેણે બોમ્બે હાઈકોર્ટમાં કાયદાની પ્રેક્ટિસ પણ કરી હતી. ચંદ્રચુડ મુંબઈ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે પણ કામ કરી ચૂક્યા છે.

દરમ્યાનમાં વડાપ્રધાન મોદી ચીફ જસ્ટીસનાં નિવાસ સ્થાને જઈ ગણેશ પુજામાં ભાગ લેતા આ મુદે રાજનીતિ ગરમાઈ ગઈ છે. શિવસેના ઉધ્ધવ જૂથે વાંધો ઉઠાવ્યો છે. શિવસેના ઉધ્ધવનાં પ્રવકતા અને વરીષ્ઠ નેતા સંજય રાઉતે એવું નિવેદન કર્યુ છે કે, અમારા કેસમાં ન્યાય મળશે તે બાબતે અમને આશંકા છે. ચીફ જસ્ટીસે અમારા કેસથી પોતાને અલગ કરી લેવા જોઈએ. અમને છેલ્લા ત્રણ વર્ષથી તારીખ પે તારીખ મળી રહી છે તેમ સંજય રાઉતે જણાવ્યું હતું.

## અમદાવાદમાં રૂા.૧ કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદ તા.૧૨ હજુ ૬ સપ્ટેમ્બરે અમદાવાદની વટવા ચૈંઢઝમાંથી ૨૦૦ કિલો ગાંજાનો જથ્થો પકડાયો હતો. આ બનાવને હજુ ૬ દિવસ જ થયા છે ત્યાં ફરીથી એક વખત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ નજીકથી અંદાજે એક કરોડથી વધુની કિંમતનું એક કિલો એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. ડ્રગ્સ માફિયાઓએ આ વખતે ડ્રગ્સ છૂપાવવા માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે. કારના ટાયરમાં ડ્રગ્સ છૂપાવેલું હતું. પોલીસે ટાયર ખોલી પહેલા ટ્યૂબ બહાર કાઢી હતી. બાદમાં અંદર ટાયર ફરતે હાથ ફેરવ્યો તો બે પેકેટમાં એક કરોડનું એક કિલો એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. સામાન્ય રીતે એમડી ડ્રગ્સનો ઉપયોગ યુવા લોકો મોટાભાગે કરી રહ્યા છે. ત્યારે આ વેપાર કઈ રીતે અને કોના દ્વારા ચલાવવામાં આવતો હતો તેને શોધવા માટે પણ પોલીસે પ્રયાસ શરૂ કર્યા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના આ મોટા ઓપરેશનમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

## ભારે ગરમી અને વરસાદ બાદ હવે ગુજરાતમાં ચાલુ વર્ષે કડકડતી ઠંડી પડશે : તૈયાર રહેજો

નવી દિલ્હી તા. ૧૨ : ચાલુ વર્ષે દેશના અનેક રાજયોમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. પર્વતોથી મેદાનો સુધી વરસાદ ચાલુ રહે છે. અનેક રાજયોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ આકરી ગરમીએ ઉત્તર ભારતને ખૂબ જ પરસેવો પાડ્યો હતો. મે-જૂન મહિનામાં રાજસ્થાનના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. આકરી ગરમી અને મુશળધાર વરસાદ બાદ હવે ઠંડીએ લોકોને પરેશાન કરી દીધા છે. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન એ આગાહી કરી છે કે આ વર્ષે કડકડતી ઠંડી પડશે. WMO કહે છે કે તીવ્ર ઠંડીનું કારણ લા નીના અસર હશે.

WMOનું કહેવું છે કે ભારતના ઉત્તરીય ભાગોમાં તીવ્ર ઠંડી પડશે. એ પણ નોંધનીય છે કે આ વર્ષે સામાન્ય કરતાં વધુ ઠંડી રહેશે એટલું જ નહીં પરંતુ શિયાળાની મોસમનો સમયગાળો પણ વધશે. WMOઅનુસાર, વર્ષના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ વધુ મજબૂત થવાની ૬૦ ટકા સંભાવના છે, જેના કારણે દેશના ઉત્તરીય ભાગોમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડશે.

## ગુજરાતમાં ચાલુ વર્ષે ૧૨૪ ટકા વરસાદ નોંધાયો : છેલ્લા ૪ વર્ષમાં સૌથી વધુ

ગાંધીનગર તા.૧૨: છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતમાં આ વર્ષે સૌથી વધુ વરસાદ થયો છે. બુધવારે સવારે ૬ વાગ્યા સુધીમાં સિઝનનો ૧૨૪ ટકા જેટલો વરસાદ થઈ ગયો હતો. છેલ્લા ૩૦ વર્ષના સરેરાશ વરસાદના આધારે કચ્છ પ્રદેશમાં સૌથી વધુ ૧૮૩ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૯.૩૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૨૭.૧૬ ટકા, પૂર્વ મધ્યમાં ૧૨૦.૦૨ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૧૦૬.૪૭ ટકા વરસાદ નોંધાયો છે દર વર્ષે ૮૮૩ મીમી વરસાદ પડે છે. તેની સરખામણીમાં, રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૦૯૩ મીમી (આશરે ૪૪ ઈંચ) વરસાદ નોંધાયો છે. વર્ષ ૨૦૨૧માં રાજયમાં મોસમનો ૯૮.૪૮ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યાં વર્ષ ૨૦૨૨માં ૧૨૨.૦૯ ટકા વરસાદ થયો હતો, જ્યારે વર્ષ ૨૦૨૩માં ૧૦૮.૧૬ ટકા વરસાદ થયો હતો. આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ ૪૪૨ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે જુલાઈમાં ૪૨૫ મીમી, જૂનમાં ૧૧૫ મીમી અને સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ૧૧૧ મીમી વરસાદ નોંધાયો છે.

રાજ્યના ૩૩ જિલ્લાઓમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી વધુ ૨૫૪ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે સૌથી ઓછા ૮૬.૬૦ ટકા બોટાદ જિલ્લામાં નોંધાયેલ છે. ૧૦૦ ટકાથી ઓછો વરસાદ ધરાવતા જિલ્લાઓમાં ભાવનગરમાં ૯૪.૬૦ ટકા, અમરેલીમાં ૯૪.૯૭, ગીરસોમનાથમાં ૯૫.૧૯, સુરેન્દ્રનગરમાં ૯૫.૭૮ અને અમદાવાદમાં ૯૯.૨૯ ટકા વરસાદ નોંધાયો છે.

## કર્ણાટકનાં માંડયામાં ગણેશ ઉત્સવ દરમ્યાન તોફાનો, આગજની : પ્રતિબંધાત્મક આદેશો જારી કરાયા

માંડયા તા.૧૨ : ગુજરાતનાં ચારેક શહેરોમાં ગણેશોત્સવ ઉજવણીમાં કોમી તનાવનો ઘટનાક્રમ બાદ કર્ણાટકના માંડપામા ગણેશ વિસર્જન દરમ્યાન તોફાનો ફાટી નીકળ્યા હતા.દુકાનો-વાહનોને આગજની, પોલીસ સાથે ઘર્ષણ વચ્ચે તનાવ સર્જાયો હતો. સમગ્ર ક્ષેત્રમાં સુરક્ષા જવાનોના ધાડા ઉતારી દઈને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. કર્ણાટકનાં માંડયામાં મોડીરાત્રે મામલો બીચકયો હતો ગણેશ મહોત્સવ દરમ્યાન કેટલાંક અસામાજીક તત્વોએ તોફાનો શરૂ કર્યા હતા. દુકાનો-વાહનોમાં તોડફોડ સાથે સળગાવાયા હતા.પોલીસ પર પણ હુમલો થયો હતો. તેમાં કેટલાંક જવાનો ઘાયલ થયા હતા. આ ઘટનાક્રમને પગલે મોટી સંખ્યામાં સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા અને જુદી જુદી કલમો લાગુ કરીને બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો હતો. શહેરમાં પ્રતિબંધાત્મક હુકમો વચ્ચે પણ ભારેલા અગ્નિની પરિસ્થિતિ હતી. તોફાનીઓએ ચાકુ જેવા હથીયારોનો પણ ઉપયોગ કર્યો હતો કેટલાંક શખ્સોની અટકાયત કરવામાં આવી છે. ગુજરાતમાં પણ છેલ્લા દિવસોમાં સુરત, વડોદરા, ભરૂચ તથા કચ્છમાં ગણેશોત્સવ પર પથ્થરમારો તથા તોડફોડની ઘટનાઓ બની હતી તેને પગલે રાજયભરમાં સુરક્ષા તંત્રને એલર્ટ કરાયું છે. હવે કર્ણાટકમાં પણ આવા બનાવથી સરકાર સાવધ થઈ છે. કોઈ આયોજનબદ્ધ ષડયંત્ર છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

## ૧૬-૧૭ સપ્ટેમ્બરે અમદાવાદ પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે

### વડાપ્રધાન મોદીની મુલાકાત સાથે ગણેશ વિસર્જન અને ઈદે મિલાદનાં ઝુલુસ યોજાશે

અમદાવાદ તા. ૧૨ અમદાવાદ શહેરમાં ૧૬-૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બે મોટા તહેવારો હોવાથી શહેર પોલીસને ખાસ બંદોબસ્તમાં ફેરવવામાં આવી છે. જેમાં શહેરના કુલ ૧૨૦૦૦ પોલીસ કર્મચારીઓને અલગ અલગ વિસ્તારમાં બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. તેમાં પણ ખાસ કરીને આ વખતે SRP અને બીજી ફોર્સ અન્ય રાજયમાં ચૂંટણી હોવાથી બહાર ગઈ છે. ત્યારે અમદાવાદ શહેરની તમામ પોલીસને આ મહત્ત્વના દિવસોમાં બંદોબસ્તમાં રોકવામાં આવી છે. સાથે સિનિયર અધિકારીઓની માગણી અમદાવાદ પોલીસ તરફથી કરવામાં આવી હતી. જેમાં ચાર ડીસીપી રેંક અને ચાર એએસપી રેન્કના અધિકારીઓને અમદાવાદ માટે ફાળવવામાં આવ્યા છે.

આ માટે તમામ યોજના અને પ્લાનિંગ થઈ ગયું છે. આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૬ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો GMDC ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓને નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ-એ-મિલાદ નીકળવાના છે. આ જુલૂસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે.

## અમેરીકા મંદીમાં ધકેલાઈ રહયું છે : ૪૫૨ કંપનીઓએ દેવાળુ ફુકયું

ન્યુયોર્ક, તા.૧૨: અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ચાલી રહી છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ આમને-સામને છે. કોણ જીતશે આ પરિણામના આધારે નક્કી થશે, પરંતુ અમેરિકાના આગામી રાષ્ટ્રપતિનો કાર્યકાળ આસાન નથી. એક તરફ દેશ મંદીની આગ પાસે ઉભો છે. કેટલાક નિષ્ણાતો કહી રહ્યા છે કે મંદી આવી ચૂકી છે, જ્યારે અન્ય માને છે કે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ ટૂંક સમયમાં મંદીમાં સપડાઈ જશે. આ દાવાઓમાં સત્ય હોવાનું જણાય છે, કારણ કે છેલ્લા કેટલાક મહિનામાં સેંકડો અમેરિકન કંપનીઓએ પોતાને નાદાર જાહેર કરી છે. અમેરિકાની અર્થવ્યવસ્થા ૨૦૨૪માં ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. વર્ષના -થમ આઠ મહિનામાં ૪૫૨ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ છે, જે ૧૪ વર્ષમાં બીજા નંબરનો સૌથી વધુ આંકડો છે. ૨૦૨૦માં, રોગચાળા દરમિયાન ૪૬૬ કંપનીઓ નાદાર થઈ ગઈ. આ વર્ષે ઓગસ્ટમાં ૬૩ કંપનીઓએ નાદારી જાહેર કરી હતી, જ્યારે જુલાઈમાં આ સંખ્યા ૪૯ હતી.

## ગુજરાતમાં દર મહિને ૧૦ હજાર લોકો સાયબર ફ્રોડનો ભોગ બને છે

ગાંધીનગર,તા.૧૨ ગુજરાત સાયબર સેલ દ્વારા નાગરીકોને ઓનલાઈન સાયબર ફ્રોડથી બચવા અનેક ચેતવણી અપાતી હોવા છતા મોટી સંખ્યામાં લોકો તેનો ભોગ બની રહ્યા છે.વર્ષ ૨૦૨૪ માં ૧૦ સપ્ટેમ્બર સુધી સાયબર ગુનાઓ સંબંધીત કુલ ૯૩,૦૬૬ ફરીયાદો દાખલ કરાઈ છે. તેમાં છેતરપીંડી કરાયેલી ૨૦૮.૭૯ કરોડની રકમ ફ્રીઝ કરી સાયબર ચીટરના હાથમાં જતી અટકાવાઈ છે. જયારે ૮૦.૦૧ કરોડ રૂપિયા પરત કરવામાં આવ્યા છે. ઓનલાઈન છેતરપીંડીના કિસ્સામાં તરત સાયબર ક્રાઈમને જાણ કરાય તો શકય તેટલી વધુ રકમ જતા બચાવી પણ શકાય છે. સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અનેક કિસ્સામાં છેતરપીંડીની રકમ પરત કરી કામગીરી સતત ચાલૂ રખાતી હોય છે. સાયબર ફ્રોડના પાંચ કલાક ગોલ્ડ અવર્સ કહેવાય છે. જો તે દરમ્યાન નાગરીક દ્વારા હેલ્પ લાઈન ઉપર સંપર્ક કરાય તો તેવા લાઈવ કિસ્સામાં સૌથી વધુ રકમની રિકવરી થતી હોય છે. આવા કિસ્સામાં ત્વરીત કાર્યવાહીથી ૨૩.૦૩ કરોડની રકમ જપ્ત કરીને ૩.૭૧ કરોડની રકમ પરત અપાવવામાં સફળતા મળી છે.

## દેશમાં સૌથી વધુ માર્ગ અકસ્માત રાત્રીનાં ૯ થી ૨ કલાક દરમ્યાન સર્જાય છે : ભોગ બનનારાઓમાં ૯૦ ટકા પુરૂષો

નવી દિલ્હી, તા. ૧૨ દેશમાં માર્ગ અકસ્માતો અંગે સતત થઈ રહેલા અભ્યાસો અને આ પ્રકારની દુર્ઘટનાઓ ઘટાડીને માનવ જીવનને સલામત બનાવવાના પ્રયાસો વચ્ચે બહાર આવેલા એક રીપોર્ટ મુજબ સૌથી વધુ માર્ગ અકસ્માતો રાત્રીના ૯થી બે વાગ્યે દરમ્યાન થાય છે અને તેમાં ભોગ બનનાર ૮૯ ટકા પુરૂષો હોય છે. આ રીપોર્ટ મુજબ અકસ્માતોના કારણે મૃત્યુ પામનારમાં ૫૦ ટકા લોકો ચાલતા જનારા અથવા તો દ્વિચક્રી વાહનોમાં જતા હોય છે જયારે ૪૫ ટકા લોકો થ્રી વ્હીલર, કાર કે ટ્રક જેવા વાહનોમાં જતા હોય છે. દેશના માર્ગો ઉપર પગપાળા જતા લોકો માટે સુરક્ષાની વ્યવસ્થા નીલ જેવી છે. જયારે લેન્ડની વ્યવસ્થાનું ભાગ્યે જ પાલન કરવામાં આવે છે.

પાટનગર દિલ્હીમાં થયેલા એક અભ્યાસ મુજબ ૨૦૨૨માં દરરોજ ચાર લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા.

## બજાજ હાઉસીંગનાં શેર લોકોને માલામલ બનાવી દેશે : ગ્રે-માર્કેટમાં ડબલ કરતા વધુ પ્રિમિયમ

મુંબઈ,તા.૧૨ શેરબજારમાં અભૂતપુર્વ રેકર્ડબ્રેક તેજી વચ્ચે પ્રાયમરી માર્કેટમાં જોરદાર ક્રેઝ ચાલી રહ્યો છે અને તેમાં દેશના પ્રતિષ્ઠિત-જાણીતા બજાજ ગ્રુપે કેટલાંક નવા રેકોર્ડ સર્જયા છે. બજાજ હાઊસીંગ ફાઈનાન્સનો આઈપીઓ અનેકગણો છલકાયો હતો રૂા.૬૫૬૦ કરોડના આઈપીઓ સામે કંપનીમાં ૩.૨ લાખ કરોડથી વધુની રકમ ઠલવાઈ હતી.

બજાજ હાઉસીંગ ફાઈનાન્સના આ આઈપીઓમાં શેર મેળવવા માટે ૮૯૧ લાખ ઈન્વેસ્ટરોએ અરજી કરી હતી તે નવો રેકોર્ડ છે આ પૂર્વે ટાટા ટેકનોલોજીના આઈપીઓએ ૭૩.૩ લાખ અરજીનો રેકોર્ડ સર્જયો હતો. બજાજ હાઉસીંગમાં ૮૯ લાખથી વધુ અરજી સાથે ૩૦૨ લાખ કરોડ રૂપિયા એકત્રીત થયા હતા. આઈપીઓ ૬૭ ગણો છલકાયો હતો અરજીઓની સંખ્યા તથા બુક વેલ્યુ બન્નેમાં નવો રેકોર્ડ થયો હતો.


● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
AIJ
• www.aij.ind.in
• Info@aij.ind.in
સંપર્ક : ૮૨૩૮૯ ૪૫૬૦૦
અમૃત ઈન્સ્ટીટયુટ - જૂનાગઢ
An ISO 21001 Certifided Campus
● D.M.L.T. ● A.N.M.
● ફિઝીયોથેરાપી ● B.Sc.
● P.B. નર્સિંગ ● M.Sc.
● B.Sc. નર્સિંગ ● M.S.W.
● G.N.M. ● ડિગ્રી એન્જીનીયરીંગ
● ધો. ૬ થી ૧૨ ● ગર્લ્સ એન્ડ બોયઝ હોસ્ટેલ
ખડીયા-બિલખા રોડ, પો. તોરણીયા, તા./જી. જૂનાગઢ. મો. ખડીયા

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


CMYK CMYK CMYK

# રાજકોટનાં ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર ઓર્બિટ રોયલ ગાર્ડન ખાતે વિશાળ જગ્યામાં નયનરમ્ય અને મનમોહક લાઈટિંગથી સજ્જ મેદાનમાં

## કડવા પટેલ સમાજનાં ખેલૈયાઓ માટે પારિવારીક વાતાવરણમાં યુ.ડી. ક્લબ આયોજીત ઉમા ડાયનેમિક નવલી નવરાત્રી મહોત્સવ-૨૦૨૪નું નવલું નજરાણું

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૧૨

બહું ટુંકાગાળામાં જ લોકસેવામાં ઉભરી આવેલ સંસ્થા ઉમા ડાયનેમીક કલબ દ્વારા રાજકોટમાં કડવા પટેલનાં યુવા ભાઈ બહેનો માટે શૈક્ષણિક ક્ષેત્ર, બીઝનેશ ક્ષેત્ર તેમજ આજની યુવા પેઢીમાં ભકિત-શકિત સાથે નૈતિકતાનાં મૂલ્યોનો વિકાસ થાય તે હેતુથી તદન પારિવારીક વાતાવરણમાં સામાજીક ઉત્તરદાયીત્વ સમજીને કડવા પટેલનાં યુવા ભાઈ બહેનો માટે રાજકોટનાં અસહ્ય ટ્રાફીક અને ઘોંઘાટથી દુર બીજા ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર કટારીયા ચોકડીથી મુંજકા તરફ જતા ઓર્બટિ રોયલ ગાર્ડન ખાતે ૨૫ વિઘા જેવી વિશાળ જગ્યામાં નયનરમ્ય અને મનમોહક લાઈટીંગથી સજ્જ ધરા ઉપર આપણી વિસરતી જતી પ્રાચિન સંસ્કૃતિની ધરોહરને એકી સાથે આશરે ૧૦ થી ૧૨ હજાર પાટીદાર સમાજનાં ખેલૈયાઓમાં આદ્યશકિતની આરાધના, પ્રાચિન અને અર્વાચિન રાસ-ગરબા ગીતોની સાજીંદાઓના તાલે માંની સાધના કરી શકે તેવું સુંદર આયોજન યુ.ડી. ક્લબ આયોજીત ઉમા ડાયનેમિક નવલી નવરાત્રી મહોત્સવ-૨૦૨૪નું નવલું નજરાણું આયોજકો દ્વારા કરવામાં આવેલ હોય તેવું યુ.ડી. કલબ યુડીનાં એડવાઈઝરી ડાયરેકર જીવણભાઈ ગોવાણી, તેમજ યુડી કલબ આગેવાનોએ પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા જણાવ્યું હતું. માં આદ્યશકિતની આરાધના સાથે વિસરતી જતી આપણી પ્રાચિન સંસ્કૃતિની ધરોહરને સાચવવા તેમજ આજની યુવા પેઢીમાં ભકિત-શકિત સાથે નૈતિકતાનાં મૂલ્યોનો વિકાસ થાય તે હેતુથી તદન પારિવારીક વાતાવરણમાં યુ.ડી. કલબ આયોજીત ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ દ્વારા સમગ્ર કડવા પટેલ સમાજનાં ભાઈ-બહેન ખેલૈયાઓ માટે નવરાત્રીનું આયોજન હાથ ધરાયું છે. નવલી નવરાત્રીને વધાવવા ખેલૈયાઓ હંમેશા ઉત્સુક અને તત્પર જ હોય છે. તેમાં પણ યુ.ડી. કલબનો હિસ્સો બનનાર કોઈપણ ઉંમરની વ્યકિતને સાજીંદાઓના તાલે થીરકવાનું મન થઈ જ જાય તેમા બે મત નથી. રાજકોટનાં અસહ્ય ટ્રાફીક અને ઘોંઘાટથી દુર બીજા ૧૫૦ ફુટ રીંગ રોડ ઉપર કટારીયા ચોકડી થી મુંજકા તરફ જતા ઓર્બટિ રોયલ ગાર્ડન ખાતે ૨૫ વિઘા જેવી વિશાળ જગ્યામાં ૧,૦૦,૦૦૦ ફુટનું ગ્રાઉન્ડ તો ફકત ખેલૈયાઓ માટે જ બનાવવામાં આવનાર છે. આ મોકળાશ કદાચ આ એક જ આયોજનમાં જોવા મળશે. ગ્રાઉન્ડની મુખ્ય જમાપાસુ એ છે કે વરસાદી વાતાવરણમાં પણ બહું ઓછા સમયમાં આ ગ્રાઉન્ડ પહેલા જેવું જ ખેલૈયાઓ માટે અનુકૂળ અને રમવા લાયક બની રહેશે. આ નવરાત્રી મહોત્સવ ફકતને ફકત કડવા પાટીદાર સમાજનાં ભાઈ-બહેનો પુરતો જ મર્યાદીત રહેશે જેની સર્વે લોકોએ ખાસ નોંધ લેવી. આ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન યુ.ડી. કલબના લોગાનું પણ લોન્ચિંગ કરવામાં આવેલ હતું. ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ટાઈટલ સ્પોન્સર તરીકે ક્રેડેન્સ સોલાર અને મેઈન સ્પોન્સર તરીકે ગોકુલ નમકીન, રાધે ઈન્ડસ્ટ્રીયલ એરીયા, બિલ્ડર્સ, ઈટાલીકા સિરામીક, વરમોરા વિટ્રીફાઈડ અને ડેકોરા ગ્રુપનો સહયોગ સાંપડયો છે. આ નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓને સંગીતનું જોમ પુરૂ પાડવા ૧,૫૦,૦૦૦ વોટની જેબીએલ કંપનીની એ૧૨ સાઉન્ડ સીસ્ટમ(રામદુત સાઉન્ડ) રાખવામાં આવેલ છે, આવી રોકેટ સાઉન્ડ સીસ્ટમ સાથે ખ્યાતનામ અને અનેક કાર્યક્રમો આપી લોકોનાં હૈયે વસેલા સિંગર યોગીતા પટેલ, મયુર દવે, જય દવે અને ધારા માણેક ખેલૈયાઓ માટે પ્રાચિન અને અર્વાચિન રાસ-ગરબા અને ગીતો રજુ કરી ડોલવા મજબુર કરી દેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. સાથે સાથે પોતાની આગવી શૈલીથી સુપ્રસિધ્ધ એન્કર દેવાંશી ગોહીલ સ્ટેજ સંચાલન કરશે. નયનરમ્ય અને મનમોહક લાઈટીંગથી સજ્જ મેદાનમાં એકી સાથે આશરે ૧૦ થી ૧૨ હજાર ખેલૈયાઓ એકી સાથે રમી શકે તેવું સુંદર આયોજન આયોજકો દ્વારા કરવામાં આવેલ છે અને મુખ્ય સ્ટેજ પણ મનમોહકતાની એક અનોખી ઝાંખી કરાવશે. આ નવરાત્રી મહોત્સવમાં જાણીતા સંગીતકાર ગૌરવ પરમાર અને જાણીતા સિંગર અને સુપ્રસિધ્ધ એન્કર તેજશ શિશાંગીયાની ટીમ દ્વારા સંગીત રમઝટ રજુ કરવામાં આવનાર છે. માંના આઠમા નોરતે સર્વે સમાજ સાથે મળીને મહાઆરતીનું આયોજન પણ ઉમળકાભેર કરવામાં આવનાર છે. ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ માં ખેલૈયાઓ માટે બજાર ભાવથી ખાદ્ય ચિજ વસ્તુ મળી રહે તે માટે કેન્ટીન ની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે, જેમાં કોઈ વધારાનાં ભાવ સાથે કોઈપણ વસ્તુ વહેચી નહીં શકે તેવી બાંહેધરી સાથે આ કેન્ટીન કાર્યરત બનશે. જેમાં અલગ અલગ પ્રકારની તમામ પ્રોડક્ટ ઉપલબ્ધ બની રહેશે. આવનાર ખેલૈયાઓ અને મહેમાનઓ માટે ત્રણ વિભાગમાં અલગ અલગ પાર્કિંગ પણ રાખવામાં આવેલ છે. જેમાં વીઆઈપી અને સ્પોન્સર માટે વોલેટ પાર્કિંગની ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. સમગ્ર આયોજનને સલામતી અને સુરક્ષાનાં માપદંડને ધ્યાને લઈ દરેક જગ્યાને નાઈટ વીઝન કેમેરાથી સજ્જ કરવામાં આવશે, પારીવારીક માહોલ જળવાઈ રહે તે હેતુ સર કડક સીક્યુરીટી તેમજ બાઉન્સર રાખવામાં આવનાર છે, મુખ્ય એન્ટ્રીથી જ માઉથ એનલાઈઝર દ્વારા ચકાસણી કર્યા બાદ જ ગ્રાઉન્ડમાં પ્રવેશ આપવામાં આવશે. સરકારનાં ધારાધોરણ મુજબ તમામ પ્રોટોકોલ અને નિયમોને ધ્યાને લઈને આ આયોજનને આખરી ઓપ આપવામાં આવશે. તદઉપરાંત ગ્રાઉન્ડ ઉપર મેડિકલ ટીમ માટે ટેન્ટ અને એમ્બ્યુલન્સ રેડી ટુ રોડ રાખવામાં આવનાર છે. આવનાર મહેમાન કે ખેલૈયાઓનાં વાહન જો રસ્તામાં ખરાબ થાય તો તેનાં માટે મિકેનીક ટીમ પણ કાર્યરત બની યોગ્ય નિરાકરણ કરશે. જે કદાચ રાજકોટમાં પહેલીવાર આવું માઈક્રો પ્લાનીંગ અહીં જોવા મળશે. ઉપરાંત વયોવૃધ્ધ સીનીયર સીટીજનો સમગ્ર આયોજનને શાંતિ નિહાળી અને માણી શકે તે માટે એક અલગ જ બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવનાર છે. તો સાથે સાથે જે લેડીઝ ખેલૈયા એકલા હોય તેમની સલામતી અને સુરક્ષાને ધ્યાને લઈ તેઓ માટે ગ્રાઉન્ડ જવા-આવવા માટે મધ્યસ્થ કાર્યાલયથી બસની અલાયદી વ્યવસ્થા પણ રાખવામાં આવનાર છે. ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪માં ફીમેલ સિઝન પાસ ફકત રૂા.૫૦૦, જેન્ટસ સિઝન પાસ ફકત રૂા.૮૦૦, ૮ થી ૧૨ વર્ષનાં બાળકો માટે સિઝન પાસ ફકત રૂા.૩૦૦ અને કપલ સીઝન પાસનાં ફકત રૂા.૧૨૦૦ જેવી નજીવી કીંમતે કડવા પટેલ સમાજનાં ખેલૈયાઓ માટે રાખવામાં આવેલ છે. ખેલૈયાઓ માટે પાસ મેળવવા માટેનાં ફોર્મ મેળવવાનું અને ભરીને પરત કરવા માટે ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ - મધ્યસ્થ કાર્યાલય પાટીદાર ચોક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ ખાતેથી ઉપરાંત રાજકોટ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં પણ રહેતા લોકો માટે (૧) સંતોષ સ્ટેશનરી માર્ટ - શ્રીજી બંગ્લોઝ સોસાયટી, સત્ય સાંઈ હોસ્પિટલ રોડ, મો.૯૪૨૮૮ ૯૧૯૮૮ (૨) બાલ્વી પ્રોવિઝન સ્ટોર - ન્યુ આશ્રમ રોડ, જ્ઞાનગંગા કોમ્પલેક્ષ, પારૂલ ગાર્ડનની બાજુમાં, મો.૯૮૨૫૯ ૯૮૩૫૮ (૩) ઉમા ડેકોરેશન -રામેશ્વર પાર્ક, ૮૦ ફુટ રોડ, સગુન ગાઈનેક હોસ્પિટલ સામે, મવડી, મો. ૯૨૬૫૧ ૧૧૭૦ (૪) પટેલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ - જી ૭, શીલ્પન પ્લાઝા, સ્વામીનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, મો. ૯૯૭૯૯ ૮૫૮૫૫ (૫) પટેલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ - મેટ્રો સીટી કોમ. કોમ્પલેક્ષ, નાગરીક બેંક ચોક, ઢેબર રોડ, મો. ૯૪૨૮૪ ૬૭૨૧૮ (૬) ડેલાઈટ ટેકનોલોજી - મવડી બાયપાસ રોડ, બાપા સિતારામ ચોક પાસે, મેઘાણી પરિવાર વાડી, રાજકોટ મો.૯૭૨૪૭૦ ૦૦૧૩૩ (૭) પટેલ ઝેરોક્ષ એન્ડ સ્ટેશનરી - સીટી શોપ, ડો.યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ ચોકી સામે, મો.૯૪૨૬૫ ૪૮૬૦૬ (૮) પુષ્કરભાઈ પટેલ કાર્યાલય - અક્ષર માર્ગ, ગાયત્રી ડેરી પાસે, મો. ૮૨૩૮૭ ૬૦૯૯૦ (૯) ચપ્લા ડ્રાયફ્રુટ એન્ડ ચોકોલેટ - ૩૯ સુવર્ણભુમી, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં, મો. ૯૯૦૯૭ ૧૫૪૫૩ (૧૦) ઉમીયા કોસ્મેટીક એન્ડ કેમીકલ્સ - અંબીકા ટાઉનશીપ, ૩-કસ્તુરી રેસીડેન્સીની બાજુમાં, કડવાણી સુપર માર્કેટની બાજુમાં, જીવરાજ પાર્ક મેઈન રોડ મો.૯૯૦૯૭ ૧૫૪૫૩ (૧૧) મારૂતિ સ્ટુડીયો -સાધુવાસવાણી રોડ, જનકપુરી રોડ, અમૃત કોમ્પલેક્ષ, મો.૯૮૨૪૮ ૮૬૬૫૬ (૧૨) નચિકેતા સ્ટેશનર્સ - ધુલેશીયા સ્કુલ સામે, કોટેચા ચોક, કાલાવડ રોડ મો.૯૪૨૭૭ ૨૪૧૧૨ (૧૩) શીવ મોબાઈલ - ૫-પ્રાઈડ સ્કેવર કોમ્પલેક્ષ, આલાપ એવન્યુ સામે, પુષ્કરધામ મેઈન રોડ મો.૯૬૨૪૪ ૨૨૨૨૮ (૧૪) શ્રીધર સ્ટેશનરી મોલ - ૦૬ ફોર્ચ્યુન ઈમ્પાયર, ઈન્દીરા સર્કલ પાસે, યુનિવર્સિટી રોડ, મો. ૮૪૬૦૦ ૦૦૮૧૦, (૧૫) સ્વસ્તીક સ્ટેશનરી - અજંતા કોમ્પલેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, યુનિ. રોડ, મો. ૯૪૨૬૫ ૧૮૧૨૫ (૧૬) પટેલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ - ૧૪- શિલ્પન ટાવર, વર્ધમાન કોમ્પલેક્ષ, સાધુ વાસવાણી રોડ, મો. ૯૪૨૭૧ ૬૧૧૩૫ (૧૭) પટેલ સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ - આશિર્વાદ કોમ્પલેક્ષ, ૪-તીરૂપતીનગર, હનુમાન મઢી ચોક, રૈયા રોડ, મો.૯૯૭૮૮ ૨૨૯૪૯ (૧૮) વિદ્યા સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ - બીઝનેશ પ્લાઝા, પરીમલ સ્કુલ સામે, કાલાવડ રોડ મો. ૯૪૨૮૦ ૩૭૧૭૪ (૧૯) ધ અર્બન ઈન્ટીરીયર - નચિકેતા સ્કુલની બાજુમાં, અંબીકા ટાઉનશીપ મેઈન રોડ, મો. ૯૦૯૯૯ ૫૫૦૫૦ (૨૦) પટેલ સ્ટેશનરી - ૫ પાર્થ એવન્યુ, કસ્તુરી મેઈન રોડ, અંબીકા ટાઉનશીપ, મો. ૮૧૨૮૨ ૪૮૬૫૧ (૨૧) પટેલ ફરસાણ - અક્ષર પરીસર સામે, જીવરાજ પાર્ક, મો. ૯૬૨૪૪ ૪૩૫૦૦ (૨૨) ફેમીલી માર્ટ - જયશુભ એપાર્ટમેન્ટ, શ્યામલ વાટીકાની બાજુમાં, ટી એન રાવ સ્કુલ રોડ, પટેલ ચોક મો. ૯૯૭૪૫ ૭૦૮૮૪ ખાતે સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે. ઉમા ડાયનેમિક નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ને સફળ બનાવવા ટીમ યુડીનાં એડવાઈઝરી ડાયરેકર જીવણભાઈ ગોવાણી, રમણભાઈ વરમોરા, શૈલેષભાઈ વશ્રાણી, ગૌતમભાઈ ધમસાણીયા, સંજયભાઈ જાકાસણીયા, પુષ્કરભાઈ પટેલની આગેવાનીમાં ઉમા ડાયનેમિક કલબનાં પ્રમુખ પંકજભાઈ કાલાવડીયા તથા સમગ્ર કમીટી મેમ્બર તનતોડ મહેનત કરી રહ્યા છે.

રાજકોટમાં રાષ્ટ્રીય પર્વ જેવા કે ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરી પર્વમાં પોતાની નૈતિક ફરજ સમજી ધ્વજ વંદનનાં ભવ્ય કાર્યક્રમો, છેલ્લા પાંચ વર્ષથી દુંદાળા દેવશ્રી ગણપતિ મહોત્સવની ઉજવણી અને સાથે સાથે અનેકવિધ કાર્યક્રમોની હારમાળા, અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી જેમાં અસંખ્ય ભાઈ-બહેનોનાં સથવારે ભવ્ય રથયાત્રા, બાઈક રેલી ઉપરાંત આશરે ૧૬૦૦૦ લોકો માટે મહાપ્રસાદનું પણ શાનદાર આયોજન ઉમા ડાયનેમીક કલબ દ્વારા કરવામાં આવેલ હતું. તદઉપરાંત આર.એસ.એસ. સાથે મળીને ભાઈ અને બહેનો માટે શસ્ત્ર પૂજન, સામાજીક ઉત્તરદાયીત્વ સમજીને કડવા પટેલનાં યુવા ભાઈ બહેનો તેમજ અન્ય સમાજનાં પણ લોકો માટે તજજ્ઞ અને નિષ્ણાંતોનાં માર્ગદર્શન સાથે સમયાંતરે બીઝનેશ લોના સેમીનાર પણ કરતા આવ્યા છે. જેથી યુવા વર્ગને યોગ્ય રાંહ મળી રહે. તેમજ યુવા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે શૈક્ષણિક ક્ષેત્રનાં તજજ્ઞો પાસેથી કેરીયર લક્ષી કોઈ પ્રશ્નો હોય અને કારકિર્દી લક્ષી સંપૂર્ણ માહીતી મળી રહી તેવા શુભ આશયથી સમયાંતરે એજ્યુકેશન સેમીનાર પણ કરીને પોતાની ઉત્કૃષ્ઠ ફરજ નિભાવી રહયું છે. જે ખૂબ જ સરાહનીય બાબત છે જેની નોંધ લેવી જ રહી.

# ગુજરાતની શાન ગીરના સિંહોના દર્શન માટે ગીર અને દેવળિયા પાર્ક જવું બનશે વધુ સરળ



## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડના મજબૂતીકરણ માટે ૪૩.૫૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૧૨

સિંહદર્શન માટે દેશવિદેશમાં પ્રખ્યાત અને એશિયાટિક લાયનના એક માત્ર રહેઠાણ એવા જૂનાગઢ જિલ્લાના સાસણ ગીરમાં સિંહદર્શન માટે પ્રવાસીઓ વધુ સરળતાથી સાસણ ગીર પહોંચી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પર્યટન-પ્રવાસનની દ્રષ્ટિએ આગવું મહત્વ ધરાવતા જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડ એમ ૪૨ કિલોમીટર લંબાઈના રસ્તાના મજબૂતીકરણ માટે ૪૩.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. ગીર અભયારણ્યમાં તેમ જ દેવળિયા પાર્કમાં સિંહદર્શન માટે આવનારા પ્રવાસીઓ સાસણ ગીર જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, જૂનાગઢથી ગીર સોમનાથને જોડતો આ માર્ગ પ્રવાસીઓને બાર જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના દર્શને જવા માટેનો પણ મહત્વપૂર્ણ રસ્તો છે.

મુખ્યમંત્રીએ વર્ષ દરમ્યાન સિંહદર્શન માટે સાસણ ગીર આવતા વિશ્વભરના લાખો પ્રવાસીઓ ભગવાન સોમનાથના દર્શને પણ આ માર્ગેથી સરળતાપૂર્વક જઈ શકે તેવા પ્રવાસન-પર્યટન વિકાસ ધ્યેય સાથે ૪૨ કિલોમીટરના આ માર્ગના મજબૂતીકરણના કામો માટે આ રૂપિયા ૪૩.૫૦ કરોડની ફાળવણી કરી છે.

# ગીર સોમનાથ જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં ઉના તાલુકાના વિદ્યાર્થીઓ અવલ્લ

(પ્રતિનિધિ દ્વારા)
ઉના તા.૧૨



જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગીર-સોમનાથ દ્વારા વેરાવળ સરસ્વતી સ્કૂલના રંગમંચ ઉપર દિનાંક ૬-૯-૨૦૨૪ ના જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં ખુલ્લા વિભાગની લોકગીત સ્પર્ધામાં દક્ષ ભાવિનકુમાર જાની પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. ડી.એચ.સી. પબ્લિક સ્કૂલ-સિલોજ અને બ વિભાગની લોકવાદ્ય સંગીત સ્પર્ધામાં ઓમગિરિ ચેતનગિરિ પાટંબરી તૃતીય ક્રમે વિજેતા થયા હતા. શ્રી ચિખલી પ્રાથમિક શાળા ઉક્ત બન્ને વિદ્યાર્થીઓ ભારતીય શાસ્ત્રીય સંગીત સંસ્થાનના કલાગુરૂ કમલેશ મહેતા પાસે સંગીતની શાસ્ત્રીય સંગીત ગાયન વાદનનું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

# શ્રી ભોઈ જ્ઞાતિ યુવા ક્રાંતિ મંડળ - જૂનાગઢ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં શ્રી ભોઈ જ્ઞાતિ યુવા ક્રાંતી મંડળ દ્વારા નવમો સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શ્રી સમસ્ત ભોઈ સમાજના જૂનાગઢમાં વસતા મંડળ દ્વારા વિદ્યાર્થીઓએ કે જે ધોરણ-૧ અને ઉપલી કક્ષામાં વિદ્યાર્થીઓએ વર્ષ-૨૦૨૪ ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા તેજસ્વી તારલાઓનું તા.૧૫-૯-૨૦૨૪ અને રવિવાર, સમય બપોરે ૨.૩૦ કલાકથી સરદાર પટેલ ભવન, જયશ્રી રોડ, જૂનાગઢ ખાતે તેજસ્વી તારલાઓને શિક્ષક વિધીત કુલપતીશ્રીઓ તેમજ આગેવાનો દ્વારા સન્માનીત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સર્વ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખશ્રી અશોકભાઈ જી. બ્રહ્માણી (૯૮૭૯૦ ૨૫૧૩૨) તેમજ ઉપપ્રમુખશ્રી અશોકભાઈ ચુડાસમા (એડવોકેટ-૯૮૭૯૮ ૪૨૮૪૨) દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# ખંભાળિયાના ગ્રામ્ય રહેણાંક વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો: એલસીબી પોલીસે કોલવાના શખ્સને દબોચી લીધો

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા તાલુકાના કોલવા ગામની સીમમાં રહેતા એક આસામીના મકાનમાં ભર બપોરે થયેલી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ વિગેરે મળી કુલ રૂપિયા ૫.૧૦ લાખની ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અને આ પ્રકરણમાં ચોરી કરવાની ટેવ ધરાવતા કોલવા ગામના શખ્સ સામત ઉર્ફે કારો કરંગીયા આહીર શખ્સને દબોચી લીધો હતો.

આ સમગ્ર બનાવવાની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના કોલવા ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા નગાભાઈ રણમલભાઈ નંદાણીયા નામના ૩૬ વર્ષના યુવાન તેમની પુત્રીને જામનગર ખાતે હોસ્ટેલમાં મૂકવા ગયા હતા, તે દરમિયાન તેમના ઘરમાં તા. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યાથી ૮ સપ્ટેમ્બરના સવારે ૯ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી, અને સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ. ૫.૧૦ લાખના મુદ્દામાલની ચોરી થયાની ધોરણસર ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચનાથી સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ વિવિધ દિશાઓમાં તપાસ આરંભવામાં આવી હતી. આ પ્રકરણમાં એલ.સી.બી. પી.આઈ. આકાશ બારસીયા, એસ.એસ. ચૌહાણ તેમજ પી.જે. ખાંટની ટીમ દ્વારા વર્કઆઉટ બાદ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, ખીમાભાઈ કરમુર તથા સહદેવસિંહ જાડેજાની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક યુવાન ખંભાળિયા તાલુકાના મોટી ખોખરી ગામ તરફથી ખંભાળિયા તરફ સોનાના દાગીના વેચવા આવી રહ્યો હોવાની માહિતી પરથી આ માર્ગ પરથી પસાર થતા જી.જે. ૧૦ એ.એલ. ૨૨૯૭ નંબરના હીરો પેશન મોટરસાયકલ પર જતા એક શખ્સને એલસીબી પોલીસે અટકાવ્યો હતો. આ શખ્સની પોલીસ દ્વારા આગવી ઢબે કરવામાં આવેલી પૂછપરછમાં કોલવા ગામના વાડી વિસ્તારમાં રહેતા સામત ઉર્ફે કારો ગોવિંદભાઈ કરંગીયા નામના ૨૪ વર્ષના આહિર શખ્સ દ્વારા થોડા દિવસો પૂર્વે કોલવા ગામના નગાભાઈ નંદાણીયાના રહેણાંક મકાનમાં તેણે ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

આથી પોલીસે ઉપરોક્ત શખ્સ પાસેથી સોનાનું મંગલસૂત્ર, સોનાનો ચેન, સોનાની બુટ્ટી, પેન્ડલ તેમજ બે નંગ મોબાઈલ ફોન અને ચોરીના રૂ. ૧.૮૧ લાખ રોકડા ઉપરાંત રૂ. ૪૦ હજારની કિંમતનું મોટરસાયકલ મળી કુલ રૂ. ૫.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરી, વિધિવત રીતે તેની અટકાયત કર્યા બાદ વધુ તપાસ અર્થે તેનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. વધુમાં જાહેર થયેલી વિગત મુજબ બંધ મકાનમાં રેકી કરી અને બપોરના ભાગે ચોરી કરવાની મોડેસ ઓપરેન્ડી ધરાવતો આરોપી સામત ઉર્ફે કારો ગોવિંદ કરંગીયા અગાઉ નકલી પોલીસ બનીને રોફ જમાવતા, રૂપિયા પડાવતા પણ ઝડપાઈ ગયો હતો.

# વોક ઈન ઈન્ટરવ્યુ

ગીર પશ્ચિમ વન વિભાગ જુનાગઢ હેઠળ ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી અંતર્ગત વન્યપ્રાણી બચાવ સાર સંભાળની કામગીરી અર્થે તદન હંગામી એડહોક ધોરણે ૧૧ માસના કરાર આધારીત ટ્રેકરની જગ્યાઓ ભરવા માટે લાયકાત ધરાવતા ઈસમોનું વોક ઈન ઈન્ટરવ્યુ તા.૧૩/૦૯/૨૦૨૪ ના રોજ સમય: ૧૧:૦૦ કલાકે રાખવામા આવેલ હતુ જે અનીવાર્ય સંજોગોના કારણે તારીખ બદલીને હવે પછી તા. ૧૭/૦૯/ ૨૦૨૪ ના રોજ સમય ૧૧:૦૦ કલાકે નીચે દર્શાવેલ સ્થળ પર પોતાના જરૂરી ઓરીજનલ ડોકયુમેન્ટ એક ઝેરોક્ષ નકલ સાથે હાજર રહેવા જણાવવામા આવે છે.

| ટ્રેકરની જગ્યા માટેની રેન્જ | સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|
| વિસાવદર રેન્જ | ૦૨ | |
| ડેડકડી રેન્જ | ૦૧ | |
| સાસણ રેન્જ | ૦૧ | |
| દેવળીયા રેન્જ | ૦૧ | |
| આંકોલવાડી રેન્જ | ૦૧ | |
| વન્યજીવ રેન્જ માળીયા (હાટીના) | ૦૨ | |
| કુલ જગ્યા | ૦૮ | |

**જરૂરી લાયકાત**

(૧) ટ્રેકરની જગ્યા માટે ઉમેદવારી નોંધાવનાર ઉમેદવાર અરજીની તારીખે ઉંમર ૧૮ વર્ષ ઓછી નહી અને ૪૦ વર્ષથી વધુ હોવી જોઈશે નહી.
(૨) ટ્રેકરની જગ્યા માટે ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારની શૈક્ષણીક લાયકાત ૧૦ પાસ કે તેનાથી વધુ હોવી જોઈએ.
(૩) ટ્રેકરની જગ્યા માટે જંગલ તથા વન્યપ્રાણીના અનુભવી તેમજ લાગુ રેન્જના કાર્ય મથકમા સતત વસવાટ કરી શકે તેવા ઉમેદવારોએ જ અરજી કરવી. વન્યપ્રાણીના અનુભવી ઉમેદવારોને ઉમરમા છુટછાટ આપવામા આવશે.
(૪) ટ્રેકરની કામગીરી વન્યપ્રાણીઓના અવલોકનની છે. જેના માટે જંગલમા પગપાળા પણ ફેરણુ કરવુ જરૂરી છે. જેથી રોજના અંદાજીત ૮ થી ૧૦ કી.મી. ફેરણુ કરી શકે તેવા શારીરીક સક્ષમ વ્યકિત તથા ભારે વાહન ડ્રાઈવીંગના જાણકારને પ્રાધાન્ય આપવામા આવશે.
(૫) ઉપરોકત જગ્યાના ઈન્ટરવ્યુમા તારીખ, સમય, સ્થળ કે બીજા કોઈ અન્ય ફેરફારો થશે તો મ.વ.સ.તાલાલાનો નિર્ણય આખરી ગણાશે.

**ઈન્ટરવ્યુ માટે હાજર રહેવાનુ સ્થળ/ વધુમાહીતી માટે સંપર્ક**

મદદનીશ વન સંરક્ષકશ્રીની કચેરી
"વન ભવન" તલાલા ગીર,
તા. તાલાલા, જી. ગીર સોમનાથ,

મદદનીશ વન સંરક્ષક
તાલાલા
ગીર પશ્ચિમ વિભાગ

માહિતી/જૂના/જા.ખ./સુધારો/૪૨૬/૨૦૨૪

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ત્રણ સ્થળોએ જુગાર દરોડામાં ૧૭ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા નજીક આઈ.ટી.આઈ. કચેરીની પાછળના ભાગે મધ્ય રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા કિશોર દેવરાજ કણજારીયા, સુધીર રમેશ નકુમ, સતીશ રાજેન્દ્ર પરમાર, રજનીકાંત કાંતિલાલ ચોપડા અને કલ્પેશ રતિલાલ નકુમ નામના પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂપિયા ૨૬,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામેથી એલ.સી.બી. એ.એસ.આઈ. ડાડુભાઈ જોગલ તેમજ ટીમ દ્વારા પાડવામાં આવેલા જુગાર દરોડામાંથી દેવરખી જોધા છુછર, દેવા કારા બાબરીયા, દેવશી રાજા પરમાર, કિશન દેસા બાબરીયા, ફોગા બુધા ઢુંગા અને આલા બુધા ઢુંગા નામના છ શખ્સોને પોલીસે ઝડપી લઈ, મોબાઈલ સહિત કુલ રૂ. ૧૮,૭૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભાણવડ તાબેના જામ રોજીવાડા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે મોડી રાત્રિના સમયે પાના ટીંચતા નૂરમામદ જુસબ હિંગોરા, જીતેન્દ્ર દેવશી ગોરફાડ, ભીમશી કરસન પાથર, કમલેશ ભીમા કારેણા, યુનુશ ભીખુ હિંગોરા અને નિતેશ જીવા ગોરફાડને રૂ. ૧૮,૧૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, ગુનો નોંધવામાં આવ્યો હતો.

# લુશાળા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૭ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૨

વંથલી તાલુકાના લુશાળા ગામેથી જાહેરમાં જુગાર રમતા ૭ જુગારીઓને વંથલી પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે લુશાળા ગામે થી જાહેરમાં રમતા રણજીત ગીરધરભાઈ ડાંગર, સુભાષ કાનાભાઈ ડાંગર, રામા કાળાભાઈ ડાંગર, હિતેષ વાલાભાઈ ડાંગર, ભાવેશ હાદાભાઈ ડાંગર, કેતન ઉર્ફે કાનો અરજણભાઈ ધ્રાંગા અને અશોક કુંભાભાઈ જાટીયાને ૫૧૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢનાં અગ્રણી તબીબોએ વનવાસી ક્ષેત્રમાં ચિકીત્સા શિબિર દ્વારા સેવાયજ્ઞ યોજ્યો

## છોટાઉદેપુર જિલ્લાનાં વનક્ષેત્રનાં અતિ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોનાં વનબાંધવોની આરોગ્ય ખેવના કરતા જૂનાગઢનાં તબીબો



જૂનાગઢ, તા. ૧૨

ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ પરિવારનાં કાર્યકર્તાઓ વિવિધ પ્રવૃત્તિઓ સહભાગી થઈ સાથે મળીને અનેક સેવા યજ્ઞો ઉજવતા હોય છે. જે અંતર્ગત વનવાસી કલ્યાણ પરિષદ ગુજરાત રાજ્યના જૂનાગઢ એકમ દ્વારા ફીજીશ્યન ડો. પ્રવિણ સોજીત્રાની આગેવાનીમાં ફીજીશીયન ડો.મુકેશપાન સુરીયા, ડો. દિપક ભલાણી, ડો. જયદિપ ટીલાળા, બાળરોગ નિષ્ણાંત ડો.ભરત વોરા, ડો.આર.સી.હુમર, સ્ત્રી રોગ નિષ્ણાંત પિયુષ વડાલીયા, ઓર્થોપેડીક સર્જન ડો. નિકુંજ હુમર, ફીજીશ્યન ડો. મહેન્દ્ર તારપરા, ફીજીયોથેરાપીસ્ટ ચિરાગ પાનસુરીયાની ટીમ છોટાઉદેપુર જિલ્લાનાં કવાંટ તાલુકાનાં જામલી, નસવાડી તાલુકાનાં પાલ, પાવી જેતપુર તાલુકાનાં બળદગામ અને મોરા ડુંગરી ગામોમાં યોજાયેલ મેડીકલ કેમ્પમાં ૨૦ ગામોનાં ૧૧૩૦થી વધુ લોકોએ સારવાર ચિકિત્સાનો લાભ લીધો હતો. દર્દીઓની સેવા સુવિધા માટે કાર્યરત રહેલ ચિકીત્સા શિબીરનાં દર્દઓને તમામ દવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવતી જરૂર જણાય ત્યાં કાર્ડિયોગ્રામ પેશાબ-રક્તની પરીક્ષણ પણ કરવામાં આવ્યા હતા.વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત વનપ્રદેશનાં વનબાંધવોને વ્યસનમુક્તિ અને સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો સંદેશો પ્રસરાવતી પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યુ હતું. અત્રે ઉલ્લેખનિય છે કે જૂનાગઢ ખાતેથી નિષ્ણાંત તબીબોની ટીમ સાથે પેરામેડીકલ અને સ્વયંસેવકો પણ સેવાભાવથી સહયોગી બન્યા હતા. ચિકીત્સા શિબીર સાથે વનવાસી પરિવારોનાં ઘરે ભોજ પ્રસાદ લઈને સમરસ સમાજની વિભાવના રજુ કરી હતી. વનક્ષેત્રમાં વસતા વનવાસી બાંધવો સાથે ભજન કેન્દ્ર, બાળ સંસ્કાર કેન્દ્ર, ચિકિત્સા કેન્દ્ર, આરોગ્ય કેન્દ્ર, રક્ષાબંધન પર્વ, ચિકિત્સા શિબિર, ગણપતિ ઉત્સવ, ગણપતિ મૂર્તિ વિતરણ, વ્યસનમુક્તિ કાર્યક્રમ, વનગ્રામ નિવાસ, નગરયાત્રા વગેરે કાર્યક્રમો યોજાતા હોય છે. આ અંગે સંગઠનમંત્રી ચંદ્રકાંતભાઈ રાવલાણીએ વનવાસી કલ્યાણ પરીષદની પ્રવૃતિ અંગે જાણકારી આપી બહ્યુ હતુ કે ધર્મ અને રાષ્ટ્ર અને સંસ્કૃતિની રક્ષા માટે સૌને સજાગ બની સહયોગી બનવુ સમયની માંગ છે. આજે નારીશક્તિ પણ સમાજોત્કર્ષમાં સહભાગી બની રહી છે.ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા છેલ્લા એક મહિનામાં પાંચ જિલ્લાના ૧૫ તાલુકામાં ૩૮ મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યા હતા. જેમાં ૧૧૯ ડોક્ટરોએ અને ૧૦૪ ફાર્માસિસ્ટ દ્વારા ૬૭૦૧ દર્દીને લાભ આપ્યો હતો. આ મેડિકલ કેમ્પમાં ૨૨૦ ગામના લાભાર્થીઓએ લાભ લીધો હતો. મેડિકલ કેમ્પની સાથે શહેરી વિસ્તારના ૨૦૧ અને ગ્રામીણ વિસ્તારના ૪૬૨ કાર્યકર્તા મળીને ૬૬૩ કાર્યકર્તાઓએ પોતાની સેવાનું યોગદાન જોડ્યું હતું. સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં હજુ ૮૦જેટલા મેડિકલ કેમ્પ વનવિસ્તારના વનવાસી બંધુઓ માટે કલ્યાણ પરિષદ દ્વારા આયોજિત કરવામાં આવનાર હોય ચિકિત્સા શિબિરમાં સેવા માટે આગ્રહભરી વિનંતી સાથે દવાઓ, વાહન વ્યવસ્થા, આર્થિક, કે પ્રત્યેક સમય આપીને ચિકિત્સા શિબિરને સહયોગી થઈ રહે તે બાબતે વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા સેવા સાથે જોડાવા ઈચ્છુક આત્મીય બાંધવોને વિનંતી કરી હતી.

જૂનાગઢથી પ્રસ્થાન થયેલ સેવાકેમ્પનાં કાર્યકર્તાઓનાં વડોદરા ખાતે થોડીવાર રોકાણ દરમ્યાન જિલ્લા એકમના વનવાસીકલ્યાણ પરિષદના કાર્યકર્તાઓ સાથે જુનાગઢ વનવાસી કલ્યાણ પરિષદ એકમના કાર્યકર્તાઓનો પરિચય થયો અને સેવાકાર્યોની વિગતો આપલે કરી હતી.

# આઈ.સી.ડી.એસ. જૂનાગઢ દ્વારા 'મહિલા સુરક્ષા તાલીમ' તેમજ 'કુપોષિત બાળકોના વાલીઓ સાથે પોષણ પરામર્શ' જેવા કાર્યક્રમોની ઉજવણી



જૂનાગઢ, તા.૧૨

આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા વિવિધ કાર્યક્રમો થકી ૭મો રાષ્ટ્રીય પોષણ માહ – ૨૦૨૪ ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અનુસંધાને પોલીસ વિભાગના સહયોગથી સી.ડીવીઝન પોલીસ સ્ટેશન જૂનાગઢ ખાતે મહિલાઓના સુરક્ષાના કાયદા અંતર્ગત એક પોષણ આરોગ્ય અને સુરક્ષા વિષયક એક તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ તાલીમ અન્વયે સી.ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ સાહેબ શ્રી એન. એલ. પાંડોર સાહેબ તથા પી.એસ.આઈ. શ્રી રણજીત વણઝારા તેમજ આઈ.સી.ડી.એસ. શાખા મહાનગરપાલિકા જૂનાગઢના પ્રોગ્રામ ઓફિસર વત્સલબાને દવે તથા બાળ વિકાસ યોજના અધિકારી ડોલીબેન દોશી તેમજ આઈ.સી.ડી.એસ. ની મહિલાઓ હાજર રહ્યા હતા. આ તકે એન. એલ. પાંડોર સાહેબ દ્વારા મહિલાઓને તેમના સુરક્ષા અંગેના કાયદા વિશે તાલીમગાર કરવામાં આવેલ જ્યારે વત્સલાબેન દવે દ્વારા મહિલાઓને પોષણ તેમજ આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ. ઉપરાંત મહાનગરપાલિકા જૂનાગઢ હેઠળના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે આજ પોષણ માહ - ૨૦૨૪ ની ઉજવણી કરવમાં આવી હતી. જેમાં મુખ્ય સેવિકા બહેનો તથા આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આંગણવાડી કેન્દ્રો ખાતે કુપોષિત બાળકોના વાલીઓ સાથે પોષણ અંગે માર્ગદર્શીત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પોષણ માસ ની તમામ ઉજવણીનું સફળ સંચાલન આઈ.સી.ડી.એસ. શાખાના પ્રોગ્રામ ઓફીસર વત્સલાબેન દવેના માર્ગદર્શન હેઠળ આઈ.સી.ડી.એસ.ની ટીમ દ્વારા કરવામાં આવે છે.

# જૂનાગઢ જીલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આવતીકાલે ભરતીમેળો યોજાશે

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓ માટે જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રના એકમ ઈન્સ્ટાકાર્ટ (ફ્લિપકાર્ટ) પ્રા.લી. કંપની, તથા સીનોવા ગીયર્સ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ શોર્ટર, ડિલિવરી બોય, મશીન ઓપરેટર, સી.એન.સી./વિ.એમ.સી. હોબીંગ, શેપીંગ, બ્રોચીંગની જગ્યાઓ માટે ૨૦થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી-વીંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ છે.

ભરતીમેળામાં ભાગ લેનાર ઉમેદવારોએ, શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત રહેવું. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.inના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ટેલિફોન નંબર (૦૨૮૫) ૨૬૨૦૧૩૯ પર સંપર્ક કરવો, તેમ જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# લેઉવા પટેલ કેળવણી સહાયક મંડળ-જૂનાગઢ દ્વારા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને નિ:શુલ્ક વ્યાજ લોન અપાશે

જૂનાગઢ, તા.૧૨

લેઉવા પટેલ ઉચ્ચ કેળવણી સહાયક મંડળ દ્વારા સમાજનાં ગરીબ પરિવારનાં તેજસ્વી વિદ્યાર્થી આર્થિક સંજોગોએ ઉચ્ચ અભ્યાસથી વંચીત ના રહે તે માટે વગર વ્યાજની લોન સહાય આપવાની જોગવાઈ સમાજનાં શ્રેષ્ઠીઓએ કરી છે. જુનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના કોઈપણ ગામનાં વતની હોય આર્થિક મુશ્કેલીનાં કારણે. ઉચ્ચ અભ્યાસમાં જવુ મુશ્કેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેમણે ધોરણ-૧૨ની પરિક્ષા માર્ચ ૨૦૨૪ કે ત્યારબાદની પરીક્ષામાં સૈદ્ધાંતિક વિષયોમાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય અથવા નીટ પરીક્ષા ક્લિયર કરનાર અને આર્થિક રીતે નબળા પરંતુ એમબીબીએસ, બીડીએસ, બીએએમએસ, બીએચએમએસ, ફાર્મસી, બીએસસી (એગ્રી) એમબીએ, સીએસ, સિએ, બીઈ, બી ટેક,જેવા અભ્યાસક્રમોમાં અભ્યાસમાં તેજસ્વી હોય તેવા લેઊવા પટેલના સંતાનો માટે મંડળે વ્યાજ વગરની લોન સહાય આપવાની વ્યવસ્થા કરી છે. તો આ અંગેના અરજી ફોર્મ મેળવવા માટે રૂબરૂમાં શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ ન્યુ સંકલ્પ કોમ્પ્લેક્સ ત્રીજા માળ, ઓફિસ નંબર ૩૨૦,જૂનાગઢ ખાતે સંપર્ક સાધવો અને અરજી ફોર્મમાં સંપૂર્ણ વિગત ભરી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ઉક્ત સરનામે સબમીટ કરવા અનુરોધ કરવામાં આવેલ છે. વધુ વિગત માટે મોબાઈલ નંબર ૯૪૨૮૨ ૪૯૩૮૧, અથવા ૯૯૦૯૩ ૧૪૬૭૧ ઉપર સંપર્ક સાધવા વિનંતી છે.તેમ લેઉવા પટેલ ઉચ્ચ કેળવણી સહાયક મંડળના પ્રમુખની યાદીમાં જણાવ્યું છે.

# માંગરોળ ખાતે નીળિયેરીના રોપાનું વહેલા તે પહેલાના ધોરણે વેચાણ કરવામાં આવશે

જૂનાગઢ, તા.૧૨

ગુજરાત સરકારના બાગાયત ખાતા હસ્તકની ફળ નર્સરી, રાણીબાગ, માંગરોળ ખાતે દેશી તથા હાઈબ્રિડ ટી.ડી તેમજ ડી.ટી જાતના નાળિયેરની રોપાનું વેચાણ ચાલુ છે. દેશી નાળિયેર રોપ રૂ.૭૦ રોપ, હાઈબ્રિડ ટી.ડી નાળિયેર રોપ રૂ.૧૫૦ રોપ, તથા હાઈબ્રિડ ડી.ટી નાળિયેર રોપ રૂ.૨૫૦ રોપ ના ભાવે વહેલા તે પહેલાના ધોરણે રોપાનું વેચાણ કરવામાં આવશે. જે ખેડુત મિત્રોને નીળિયેરના રોપાની જરૂરીયાત હોઈ તેઓએ બાગાયત અધિકારીની કચેરી, ફળ રોપા ઉછેર કેન્દ્ર, રાણીબાગ, પોરબંદર રોડ, માંગરોળ ખાતે રૂબરૂ મુલાકાત લઈ ખરીદી કરવાનું બાગાયત અધિકારીની કચેરી, માંગરોળની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# પ્રભાસ પાટણ ખાતે ક્યુ.ડી.સી.કક્ષાનો ગરવી ગુજરાત થીમ આધારિત કલા ઉત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ, તા.૧૨

એમ.જે.સ્વામિનારાયણ હાઈસ્કૂલ- પ્રભાસ પાટણ ખાતે ક્યુ.ડી.સી.કક્ષાનો ગરવી ગુજરાત થીમ આધારિત કલા ઉત્સવ તા.૧૧/૯/૨૦૨૪ને બુધવારનો રોજ યોજાયેલ. જેમાં ક્યુ.ડી.સી.ની ૧૬ શાળામાંથી ૨૪ વિદ્યાર્થીઓએ બાળકવિ, સંગીત ગાયન, સંગીત વાદન અને ચિત્ર સ્પર્ધાઓમાં ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત એચ. કે. ગજેરા દ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવેલ.




ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોમાં શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજી, ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રનાં કો.ઓર્ડીનેટર નરેશભાઈ ગુંદરણીયા, ક્યુ.ડી.સી. કન્વીનર ડી.એમ.રામાણી, શાળાના નિર્ણાયકશ્રીઓ તથા માર્ગદર્શક શિક્ષકોની હાજરીમાં આ કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો.મંચસ્થ મહાનુભાવોની હાજરીમાં કુલ ૪ સ્પર્ધાઓમાં ૩ નિર્ણાયકોની નિમણુંક કરીને સ્પર્ધાઓની શરૂઆત કરવામાં આવી. કાર્યક્રમને અંતે તમામ વિભાગમાં કુલ ૧ થી ૩ નંબર આપવામાં આવ્યાં. કાર્યક્રમમાં ચા અને અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ. દરેક વિભાગમાંથી પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થી એસ.વી.એસ કક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. તેમજ આ સાથે વિજેતા સ્પર્ધકોને તથા શાળા કક્ષાએ પાંચમી સપ્ટેમ્બર સ્વયં શિક્ષક દિન ઉજવણીમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામ આપી શા.સ્વા. ભક્તિપ્રકાશદાસજી અને સ્વા. ધર્મકિશોરદાસજી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવેલ.સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# બાળકને આંખમાં થયેલી ગંભીર ઈજાની ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં સફળ સારવાર

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૨



ખંભાળિયાની જનરલ હોસ્પિટલ ખાતે તાજેતરમાં આંખ વિભાગની ઓ.પી.ડી.માં ગંભીર હાલતમાં ભરાણા ગામના સંદિપ નામના ૧૦ વર્ષના બાળકનો કેસ આવ્યો હતો. આ બાળકને ગામમાં રમતાં રમતાં આંખમાં લાકડાનો કટકો વાગ્યો હતો. જેથી આંખની અંદર સુધી પહોંચીને કીકી તથા નેત્રમણીને નુકસાન પહોંચ્યું હતું. આ ગંભીર ઈજાની પરિસ્થિતિને લીધે બાળકની દ્રષ્ટી જોખમમાં મુકાઈ હતી. ખંભાળિયાની જિલ્લા સરકારી હોસ્પિટલમાં આંખ વિભાગ ખાતે ફરજ બજાવતા ડો. ઉત્સવ પડિયા અને ટીમ દ્વારા બાળકની દ્રષ્ટિ બચાવવા બે તબક્કામાં ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ કીકીનું ઓપરેશન અને બીજા તબક્કામાં નેત્રમણીનું ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ બે મોટા અને જટીલ ઓપરેશન દ્વારા બાળકની દ્રષ્ટિ બચાવવા માટે અહીંની જનરલ હોસ્પિટલ ખાતે સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

# રાધાષ્ટમી નિમિત્તે રાજાધિરાજને રાધિકા સ્વરૂપ શૃંગાર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨



રાધાષ્ટમી પર્વ નિમિત્તો બુધવારે યાત્રાધામ દ્વારકાના સુપ્રસિદ્ધ જગતમંદિરમાં રાજાધિરાજ દ્વારકાધીશને રાધિકા સ્વરૂપ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. સવારે મંગલા આરતી બાદ શ્રીજીને માખણ-મિશ્રી ભોગ ધરાવવામાં આવ્યો હતો. આજના દિવસે ઠાકોરજીને રાજભોગમાં અદકી વિશેષ ભોગ ધરાવવામાં આવે છે. રાધિકા સ્વરૂપના દૈદિપ્યમાન શૃંગાર મનોરથનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો હતો. દેશ વિદેશના લાખો કૃષ્ણ ભકતોએ પણ ઓન લાઈનના વિવિધ માધ્યમથી દ્વારકાધીશના રાધિકા સ્વરૂપ શૃંગાર નિહાળી ભાવવિભોર બન્યા હતા.

**રાધાષ્ટમીએ વ્રત રાખી રાધાકૃષ્ણની વિધિવત પૂજાનું મહાત્મ્ય**

હિન્દુ કેલેન્ડર અનુસાર દર વર્ષે ભાદરવા સુદ આઠમના રોજ રાધાષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવે છે. એવી માન્યતા છે કે આજના દિવસે જે કોઈ સાચા હૃદયથી રાધાકૃષ્ણની પૂજા કરે તેને સૌભાગ્ય, આરોગ્ય, ધન અને સંપતિના આશીર્વાદ પ્રાપ્ત થાય છે તથા જીવનની તમામ મુશ્કેલીઓમાંથી મુકિત મળે છે. રાધાષ્ટમી એટલે રાસરસેશ્વરી શ્રીરાધાજીનો પ્રાગટય દિવસ. વૃષભાનુ અને કીર્તિદાના પુત્રી રાધાનો જન્મ બરસાનામાં થયો હોય જ્યાં આજે પણ જયશ્રીકૃષ્ણ નહિં પરન્તુ રાધે રાધે નો નાદ ગુંજતો જોવા મળે છે. કૃષ્ણની વૃજલીલામાં રાધિકા છે. વૃજની કુંજગલીઓ, કંદરાઓ, જમુનાતટ, બંસીવટ, વનો - ઉપવનો, સરોવરો-કુંડો રાધિકા વિના સૂના છે કારણ કે રાધા ન હોત તો માખણ ચોરી, ગોવર્ધન લીલા, રાસલીલા, હોરીખેલ સહિતની લીલાઓ ન હોત. ગોલોકની કલ્પન રાધારાણી વિના શક્ય નથી. સ્વયં શ્યામ રાધા વિના અધૂરા છે અને ગુજરાતી તથા વૃજ સાહિત્ય પણ. ગુજરાતી સાહિત્યમાં કવિતાઓ, લેખ અને કથાઓમાં હજારો આલેખન રાધાકૃષ્ણના પ્રેમ, મિલન, વિરહ, ગોપીઓ, વૃંદાવન રાસ, પનઘટ પર લખાયેલાં છે.

રાધાજીનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ નિષ્કામ અને નિઃસ્વાર્થ છે. તેઓ સંપૂર્ણપણે શ્રીકૃષ્ણને સમર્પિત છે. રાધાજી શ્રીકૃષ્ણ પાસેથી કોઈ કામનાપૂર્તિ નથી ઈચ્છતાં. તેઓ સદા શ્રીકૃષ્ણના આનંદ માટે ઉદ્યત રહે છે. તે જ રીતે મનુષ્ય સર્વસ્વ સમર્પણની ભાવના સાથે કૃષ્ણપ્રેમમાં લીન થાય છે ત્યારે જ તેઓ રાધાભાવ ગ્રહણ કરી શકે છે. કૃષ્ણપ્રેમનું શિખર રાધાભાવ છે, તેથી જ શ્રીકૃષ્ણને પામવા માટે દરેક ભક્ત રાધારાણીનો આશ્રય લે છે.

**પુરાણો - ઉપનિષદોમાં રાધાજીનો ઉલ્લેખ**

જયાં શ્રીકૃષ્ણ છે ત્યાં રાધા છે અને જયાં રાધા છે ત્યાં જ શ્રીકૃષ્ણ છે. શ્રીકૃષ્ણ વગર રાધા અથવા રાધા વગર શ્રીકૃષ્ણની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તેથી જ રાધાજી મહાશક્તિ કહેવાય છે. જેમનો વિવિધ પુરાણો - ઉપનિષદોમાં ઉલ્લેખ કરાયો છે. રાધોપનિષદમાં રાધાજીનો પરિચય આપતાં કહેવાયું છે કે, કૃષ્ણ તેમની આરાધના કરે છે, તેથી જ તેઓ રાધા છે. વ્રજમાં ગોપીઓ અને દ્વારકાની પટરાણીઓ આ જ શ્રી રાધાનું અંશરૂપા છે.

રાધાજી અને શ્રીકૃષ્ણ એક હોવા છતાં પણ ક્રીડા માટે બે થઈ ગયા છે. રાધિકા શ્રીકૃષ્ણના પ્રાણ છે. ભવિષ્યપુરાણ અને ગર્ગસંહિતા અનુસાર દ્વાપરયુગમાં જયારે ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વી પર અવતરિત થયા ત્યારે ભાદ્રપદ માસના સુદ પક્ષની અષ્ટમી તિથિએ મહારાજ વૃષભાનું અને માતા કીર્તિને ત્યાં ભગવતી રાધાજી અવતરિત થયાં ત્યારથી ભાદરવા સુદ આઠમ રાધાષ્ટમી તરીકે વિખ્યાત થઈ.

### ગ્રીન એનર્જી જનરેશનથી ગ્રીન જોબ્સનું નિર્માણ પણ થાય છે


# ગ્રીન એનર્જીથી હરિયાળા ભવિષ્યની સાથોસાથ રોજગારી સર્જનની તકો ખૂલી

## દેશમાં ૨૦૨૧-૨૨માં ગ્રીન એનર્જી ક્ષેત્રમાં લગભગ ૫૩,૦૦૦ નોકરીઓનો વધારો

અમદાવાદ, તા.૧૨

અદાણી જૂથ કલાયમેટ ચેન્જની અસરોને રોકવાના કાર્યક્રમો માટે કાર્યશીલ છે. રિન્યુએબલ એનર્જી ઉત્પાદન કરવાની ક્ષમતામાં અદાણી જૂથની કંપનીઓ વૈશ્વિક સ્તરે આવે છે. આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ એનર્જી એજન્સીના આંકડાઓ અનુસાર રિન્યુએબલ એનર્જી ઉત્પાદન કરવામાં અદાણી જૂથ વૈશ્વિક સ્તરે ચોથા ક્રમે આવે છે. તો પવન ઉર્જા કેપેસિટીમાં દુનિયામાં ચોથુ અને સૌર ઉર્જા ક્ષમતામાં ૫મા સ્થાને છે.

પર્યાવરણ જાળવવાની સરકારી યોજનાઓ અનુસાર કાર્યોને આગળ વધારતી અદાણી જૂથની કંપનીઓ સતત અગ્રેસર રહી છે. નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ભારત સરકારના ન્યુ અને રિન્યૂએબલ એનર્જી મંત્રાલયે દેશભરના ૧૨ રાજ્યોમાં આશરે ૩૭,૪૯૦ મેગાવોટની કુલ ક્ષમતાવાળા ૫૦ સોલાર પાર્કને મંજૂરી આપી હતી. સ્થાનિક ઉદ્યોગોમાં તેને ઝડપી રીતે આગળ વધારવા જૂથની કંપનીઓ કાર્યશીલ છે. ૨૦૨૧માં આયોજિત COP૨૬માં, ભારતે મહત્વાકાંક્ષી પંચામૃત પ્રતિજ્ઞા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. જેમાં ૫૦૦ ગીગાવોટ ગ્રીન એનર્જી ક્ષમતા સુધી પહોંચવું, વીજ વપરાશની અડધી વીજળી રિન્યૂએબલ માંથી પેદા કરવી, ૨૦૩૦ સુધીમાં કાર્બન ઉત્સર્જનમાં ૧ અબજ ટનનો ઘટાડો કરવો વગેરેનો સમાવેશ થાય છે. ૨૦૭૦ સુધીમાં નેટ-ઝીરો ઉત્સર્જન માટે પ્રતિબદ્ધ ભારતનું લક્ષ્ય જીડીપીમાં કાર્બન ઉત્સર્જન ૪૫ ટકા જેટલું ઘટાડવાનું છે. ભારતની લગભગ ૪૪ ટકા વીજ જરૂરિયાતો બિન-અશ્મિભૂત સ્ત્રોતો થકી થાય છે અને ૨૦૩૦ સુધીમાં તે ૬૫ ટકા સુધી પહોંચે તેવી શક્યતા છે. ૨૦૩૦ સુધીમાં ૫૦૦ GW અને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો સુધી પહોંચવાના ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્યાં કને પહોચી વળવા ગ્રીન ટ્રાન્ઝિશનની જરૂર પડશે. ઉપરોક્ત વિગતોને જોઈએ



તો, ગ્રીન એનર્જી જનરેશનથી ગ્રીન જોબ્સનું નિર્માણ પણ થાય છે. એક અભ્યાસ પ્રમાણે ભારતમાં ૨૦૪૭ સુધીમાં ૩૫ મિલિયન ગ્રીન જોબ્સ સર્જનની ક્ષમતા છે. કલાઈમેટ ચેન્જને કારણે ગ્રીન ઈન્ડસ્ટ્રીમાં નોકરીની નવી જગ્યાઓ ઉભરી રહી છે. જેમ જેમ સ્વચ્છ ઉર્જા ક્ષેત્ર વિસ્તરી રહ્યું છે, તેમ રિન્યુએબલ એનર્જી પ્રોફેશનલ્સની માંગ પણ વધી રહી છે. ૨૦૨૧-૨૨માં રિન્યુએબલ એનર્જી સેક્ટરની ભરતી ૨૦૨૦-૨૧ની સરખામણીએ આઠ ગણી હતી. CEEW-NRDC અને સ્કિલ કાઉન્સિલ ફોર ગ્રીન જોબ્સના અહેવાલ મુજબ, માત્ર સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ૨૦૨૧-૨૨માં પ્રોજેક્ટ વિકાસની ભૂમિકાઓમાં લગભગ ૫૩,૦૦૦ નોકરીઓનો ઉમેરો કર્યો છે.

# સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## ચીન પર વધતી નિર્ભરતાનાં જોખમ

ચીન સાથે ભારતના વધતી કુલ વેપાર ખાધે નવી દિલ્હીનાં સત્તા વર્તુળોમાં ચિંતા પેદા કરી દીધી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન વૈશ્વિક પૂરવઠા શૃંખલાના મુખ્ય કેન્દ્ર રૂપે ઉભર્યુ છે, જેની પાસે ઔદ્યોગિક ચીજોના વેપારને નિયંત્રિત કરવાની ક્ષમતા છે. વૈશ્વકિ વેપારમાં ચીનની મુખ્ય ભૂમિકા અપ્રભાવિત જણાય છે. જોકે કેટલાય દેશ પોતાની આયાત માટે ચીન પર અત્યધિક નિર્ભરતાથી સહજ નથી, તેમ છતાં ચીન મોટાભાગના દેશોનું મુખ્ય વેપાર ભાગીદાર બનેલું છે. ભારત પણ તેમાં અપવાદ નથી. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવ (જીટીઆરઆઇ) દ્વારા ભારતના વિદેશ વેપારની નવીન છમાસિક સમીક્ષા, ૨૦૨૪ વિશ્વ વેપારમાં ચીનની પ્રમુખ સ્થિતિ પ્રગટ કરે છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે ૨૦૨૪ની પહેલી છમાસિક દરમ્યાન ભારતે ચીનને ૮.૫ અબજ ડોલરની નિકાસ કરવામાં આવી, જ્યારે ૫૦.૩ અબજ ડોલરનો સામાન આયાત કરવામાં આવ્યો, જેને પરિણામે ૪૧.૯ અબજ ડોલરની વેપાર ખાધ થઈ. ભારતના સૌથી મોટા વેપાર ખાધવાળા ભાગીદાર રૂપે ચીનના ઉદયે એ વિચારવા માટે મજબૂર કરી દીધા છે કે ચીન સાથે વેપારમાં અસંતુલન હવે માત્ર આર્થિક મુદ્દો જ નથી રહ્યો, બલ્કે તે દેશની સુરક્ષા અને ભાવિ પેઢીઓની સમૃદ્ધિ માટે પણ એક ખતરો બની ગયું છે.

ચીનથી થનારી સસ્તી આયાત ભારતીય નાના ઉદ્યોગો (એમએસએમઈ)ને નુકસાન પહોંચાડી રહી છે, કારણ કે આયાતી ઉત્પાદનોમાંથી કેટલાય આ સ્થાનિક વ્યવસાયો દ્વારા બનાવવામાં આવે છે. ભારતીય એમએસએમઈ સસ્તા ચીની ઉત્પાદનો સાથે પ્રતિસ્પર્ધા કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આ પ્રતિસ્પર્ધા તેમની નફાકારકતાને ઘટાડી રહી છે, બલ્કે તેમના અસ્તિત્વને પણ ખતરામાં મૂકી રહી છે, જેનાથી નોકરીઓ ખતમ થઈ રહી છે અને આર્થિક વિકાસ અવરોધાઈ રહ્યો છે. મહત્ત્વપૂર્ણ ઔદ્યોગિક ચીજો અને પ્રાકૃતિક સંસાધનો માટે આયાત પર ભારે નિર્ભરતા રણનીતિક દખલની જરૂરિયાતને ઉજાગર કરે છે. ઘરેલુ નિર્માતાઓ માટે સમાન અવસર ઉપલબ્ધ કરાવવા અને વેપાર અસંતુલનને કેટલીક હદે ઓછી કરવા માટે ભઆરતે ૨૦૧૯થી ૫૦૦થી વધુ ચીજો પર આયાત શુલ્ક વધારી દીધી છે. જોકે આ ઉપાય ચીની વસ્તુઓ પર નિર્ભરતા ઓછી કરવામાં અપ્રભાવી રહ્યા છે, કારણ કે એવા કેટલાય પગલાંનો ઉદ્યોગ અને અન્ય સરકારી મંત્રાલયો અને વિભાગોએ વિરોધ પણ કર્યો છે. હાલમાં જ કેટલાય સરકારી મંત્રાલયો/વિભાગોએ ચીનથી આયાત પર લિક્ષત સીમા શુલ્કમાં વધારા પર વાંધો ઉઠાવ્યો છે. તેમની દલીલ છે કે ચીનથી આયાત ઘરેલુ ઉદ્યોગમાં ઉપયોગ કરવામાં આવે છે, તેથી ટેરિફ વધારીને આયાતમાં અડચણ નાખવાથી ભારતીય મેન્યુફેક્ચરિંગની પ્રતિસ્પર્ધામાં ઘટાડો આવશે. ત્યાં સુધી કે ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન (પીએલઆઇ) યોજના, જેનો ઉદ્દેશ્ય આયાત નિર્ભરતાને ઓછી કરવાનો છે, તેમાં પણ ચીનની મહત્ત્વપૂર્ણ હાજરી હશે, કારણ કે આ યોજનાના ૧૨ વિજેતાઓમાંથી ૧૧ના પૂરવઠા શૃંખલા ભાગીદાર અને સેવા પ્રદાતા ચીનીઓ જ છે. સરકાર અને ઉદ્યોગ વચ્ચે વૈચારિક મતભેદ સમસ્યાનું માત્ર એક પાસું છે. કેટલાય ભારતીય નિર્માતા, જે લાંબા સમયથી ચીનથી સસ્તા સામાનની આયાત કરે છે, તેઓ ઉચ્ચ ટેરિફનો વિરોધ કરે છે. એક તાકાતવર આયાત લોબી છે, જેઓ ચીની વસ્તુઓ પર કોઈપણ પ્રતિબંધનો વિરોધ કરે છે. જ્યારે ભારતીય ઉદ્યોગનો એક બીજો વર્ગ ટેરિફ વધારવાની વાત કરીને સંરક્ષણવાદની તરફદારી કરે છે. તેથી ભારતે મોટા પાયે ચીનની જેમ મેન્યુફેક્ચરિંગને સમન્વિત અને વ્યવસ્થિત કરવાની જરૂર છે. ભારત આ મુદ્દાને માત્ર ઉદ્યોગ જગત પર છોડવાનું જોખમ ન ઉઠાવી શકે.

આર્થિક સંપ્રભુતાની રક્ષા અને સતત વિકાસને ઉત્તેજન આપવા માટે ઘરેલુ ઉત્પાદનને મજબૂત કરવું મહત્ત્વપૂર્ણ છે. ભારતે અન્ય દેશોની જેમ એક જ દેશ પર નિર્ભરતાના જોખમનો અનુભવ કર્યો અને વધુને વધુ મુક્ત વેપાર સમજૂતી (એફટીએ) પર હસ્તાક્ષર કરીને ચીનથી અલગ થઈ રહ્યું છે. ભારત સેમીકંડક્ટર અને ઈલેક્ટ્રીક વાહનો જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં ઘરેલુ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને પણ પ્રોત્સાહિત કરી રહ્યું છે. જોકે તેનું પરિણામ મળવામાં હજુ સમય લાગશે. વેપારખાધ પેદા થવાનાં કેટલાંય કારણ હોય છે. તેથી અર્થશાસ્ત્રીઓમાં હંમેશાં એ વાત પર મતભેદ થાય છે કે નિરંતર વેપાર ખાધ સારી છે, ખરાબ છે કે કોઈ દેશ અને તેની અર્થવ્યવસ્થા માટે બહુ મહત્ત્વ નથી ધરાવતી. પરંતુ વેપાર ખાધ કોઈ દેશની બત અને રોકાણ દરો વચ્ચે અસંતુલન છે. આર્થિક સિદ્ધાંતો અનુસાર, દેશે તેની ભરપાઈ કરવી જોઇએ. પરંતુ હંમેશાં એ જરૂરી નથી કે વેપાર ખાધ વધવાથી દેશની આર્થિક સ્થિતિ પર બહુ નકારાત્મક અસર પડે છે.

અમેરિકામાં કેટલીય વાર વધતી વેપાર ખાધ દરમ્યાન મજબૂત આર્થિક વિકાસ જોવા મળ્યો છે, કારણ કે ગ્રાહકો અને વ્યવસાયી વિદેશોથી વધુ ઉત્પાદનો અને સેવાઓ ખરીદે છે અને વિદેશી રોકાણકારો પોતાના પૈસા અમેરિકામાં રોકાણ કરવા માગે છે. એક બીજું ઉદાહરણ પૂર્વ એશિયાથી, જ્યાં કેટલાય દેશોએ ૧૯૯૦ના દાયકામાં ભારે વેપાર ખાધનો સામનો કર્યો અને વિદેશી મૂડીનું આગમન થયું. તેમાંથી કેટલાક દેશોમાં થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા અને મલેશિયા સામેલ હતા. એ રોકાણનો સમગ્ર હિસ્સો કુશળતા કે બુદ્ધિમતાપૂર્વક વહેંચવામાં નહોતો આવ્યો અને જ્યારે ૧૯૯૭ અને ૧૯૯૮માં એશિયાઇ આર્થિક સંકટ પેદા થયું, તો વિદેશી રોકાણકારો તરત ભાગી ગયા. આનાથી આ પૂર્વી એશિયાઇ દેશો વૈશ્વિક આર્થિક બજારોની દયા પર નિર્ભર થઈ ગયા. તેનાં પરિણામ દર્દનાક આવ્યાં હતાં.

ચીન સાથે વેપાર ખાધના વધતા ખતરાને પહોંચી વળવા માટે ભારતે અમેરિકા અને પૂર્વી એશિયાઇ પ્રયોગોમાંથી કોઈ એકની પસંદગી કરવી પડશે. અર્થશાસ્ત્રીઓ એ વાતનો પણ ઈનકાર કરે છે કે વેપાર ખાધની રોજગાર પર કોઈ અસર પડશે. કેટલાક લોકો તર્ક આપે છે કે આયાત અનિવાર્ય રૂપે ઘરેલુ રોજગારને ઘટાડે છે, જ્યારે અન્ય સમાન વ્યાપાર સંબંધોના માધ્યમથી અન્ય ક્ષેત્રોમાં રોજગારની વૃદ્ધિની ભરપાઈનો સંકેત કરે છે. મોટાભાગે રોજગારનું નુક્સાન કેટલાક ખાસ ક્ષેત્રો સુધી સીમિત રહે છે. મોટા નુક્સાનના પ્રબંધનમાં અમેરિકાના અનુભવો પરથી શીખતાં ભારતે ચીનની સાથે વેપાર ખાધના નકારાત્મક પક્ષ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ, સાથે જ ઉત્પાદકતા વધારવાની રણનીતિ બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. ઉપમહાદ્વીપ જેટલો મોટો દેશ વિશ્વ વેપારતી ખુદને અલગ ન રાખી શકે, તેથી ભારતે ચીનના વેપારના ગુણ-દોષોની તપાસ કરવી જોઇએ અને તે અનુસાર કાર્ય કરવું જોઇએ.

# જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અતિવૃષ્ટિની વિકટ પરિસ્થિતિ લેવાઇ અબોલ પશુઓની દરકાર





## દેવભૂમિ દ્વારકા જીલ્લામાં અતિવૃષ્ટિની વિક્ટ પરિસ્થિતિમાં ૧૯૬૨ એનિમલ એમ્બ્યુલન્સે ૫૯૦૦થી વધુ પશુઓની કરી સારવાર

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૨

થોડા સમય પૂર્વે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિ સ્થિતિને પરિણામે ઘણા ખરા વિસ્તારોમાં રાહત બચાવની કામગીરી હાથ દેવામાં આવી હતી. આ પરિસ્થિતિ વચ્ચે જિલ્લા વહીવટી તંત્રએ નાગરિકોની સાથે સાથે અબોલ પશુઓની પણ દરકાર વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવી હતી.

અતિવૃષ્ટિની વિકટ પરિસ્થિતિમાં પણ પશુઓ હેમખેમ રહે તે માટે ૧૯૬૨ એમ્બ્યુલન્સ પશુઓની સેવામાં સતત કાર્યરત રહી હતી. જે અન્વયે ૧૯૬૨ના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર મનોજભાઈ ચૌહાણે વિગતો આપતા કહ્યું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદને કારણે જોખમમાં મુકાયેલ પશુઓની ત્વરિત સારવાર માટે ૧૯૬૨ એમ્બ્યુલન્સના ફરતા દવાખાના દ્વારા કુલ ૫૯૪૬ જેટલા અબોલ પશુઓની સારવાર કરવામાં આવી હતી. ઉપરાંત ખાસ અસરગ્રસ્ત પશુઓ માટે ૭ જેટલી એમ્બ્યુલન્સ સતત કાર્યરત રહી હતી. તા.૩૦ ઓગસ્ટથી લઈ તા.૭ સપ્ટેમ્બર દરમ્યાન માત્ર આઠ દિવસમાં જ જિલ્લાના વિવિધ ગામોમાં ૩૦૦થી વધુ વખત પશુઓની સારવાર માટે પહોંચી અને આપદાની ઘડીમાં પશુધનની યોગ્ય સારવાર તથા નિદાન કરી તેઓને નવજીવન આપ્યું હતું.

# ખંભાળિયામાં વિધ્નહર્તા દેવને ભાવભરી વિદાય : રામનાથ કા રાજા ગણપતિનું ગઈકાલે ભક્તિભાવપૂર્વક વિસર્જન કરાયું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયામાં ગણપતિ પર્વ નિમિતે ઠેર-ઠેર ઉમંગ ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. ત્યારે સોમવારે ત્રીજા દિવસે તેમજ ગઈકાલ બુધવારે પાંચમા દિવસે ગણેશ વિસર્જનના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતાં. ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તાર એવા રામનાથ સોસાયટી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ "રામનાથ ના રાજા" ગણપતિનું હોંશભેર સ્થાપન કરવામાં આવ્યું હતું. જ્યાં દરરોજ પૂજન-અર્ચન તેમજ ફુટનો અન્નકૂટ, શ્રીનાથજીની ઝાંખી તેમજ અન્નકૂટના વિવિધ દર્શન સાથે દરરોજ બે વખત મહા આરતીના પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ગણેશ ભક્તોએ ઉપસ્થિત રહી અને આસ્થા વ્યક્ત કરી હતી. ત્યારે ગઈકાલે બુધવારે પાંચમા દિવસે પૂજન અર્ચન બાદ દુંદાળા દેવને ભાવભરી રીતે વિદાય આપવામાં આવી હતી. જેમાં રામનાથ મિત્ર મંડળ દ્વારા ગણેશ ભક્તો સહભાગી થયા હતાં.

# ઉનામાં ચંદ્રકિરણ ગ્રુપ દ્વારા ગણપતિ ઉત્સવની ઉજવણી



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૨

ચંદ્રકિરણ સોસાયટીમા ચંદ્ર કિરણ ગ્રુપનાં યુવાનો દ્વારા આયોજિત ગણેશ દુંદાળા દેવની સ્થાપના કરવામાં આવી હતી. કોળી સમાજના યુવા કોળી સંગઠનનાં પ્રમુખ, નગર પાલિકા સદસ્ય અલ્પેશભાઈ કાનજી ભાઈ બાંભણિયાની આગેવાની હેઠળ ચંદ્રકિરણ ગ્રુપના યુવાનો દ્વારા ચંદ્રકિરણ કા રાજા ગણેશ ઉત્સવ ૨૦૨૪ ઉજવાઈ રહ્યો છે. જેમાં ગણપતિજીનાં પંડાલમાં તારક મહેતાકા ઉલ્ટા ચશ્માની સિરિયલનો ગોકુલધામ સોસાયટીની થીમ આધારિત બેક ગ્રાઉન્ડ બનાવમાં આવ્યું છે જે લોકોમાં આકર્ષણ જમાવ્યું છે. ગણેશજીની પ્રતિમા પાસે નીચે તેમનું વાહન મૂષક ઘંટડી વગાડતા હોય તે લોકોને મોહી રહી છે આ ગ્રુપ દ્વારા ગણેશ ઉત્સવ દિવસો દરમ્યાન મટકી ફોડ ઉત્સવ, અન્નકૂટ, દાંડિયા રાસ, હવન, શ્રી સત્યનારાયણની કથા, મહા આરતી યોજાશે તેમજ તારીખ ૧૭ ના રોજ ગણેશ વિસર્જનની ભવ્યશોભા યાત્રાનું આયોજન પણ ધામધુમથી રાખવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ઉના, ગીરગઢડા તાલુકાના ગામોમાંથી બહોળી સંખ્યામાં ભાવીભક્તો દરવર્ષેની જેમ આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રામાં જોડાવા આમંત્રણ પત્રિકા સાથે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેવું તેમના મુખ્ય આયોજક અલ્પેશ બાંભણિયા દ્વારા જણાવવામાં આવ્યું છે, જેમાં વિસર્જન ૧૭ મંગળવારના સાંજે ૫ કલાકે ત્રિકોણબાગથી શાહ એચ.ડી. હાઈસ્કુલ સુધી લાઈવ ડી.જે. મ્યુઝિક સાથે સુપ્રસિધ્ધ કલાકાર રાજલ બારોટ અને હિરલ રાવલ લોકગીતોની રમઝટ બોલાવી ભકતોની સાથે નગરજનોને મનોરંજન કરાવશે.

### નવરાત્રીમાં લવ જેહાદના કેસ અટકાવવા

# રાજકોટમાં ગરબા આયોજકો આધારકાર્ડ અને ફોટાના આધારે આપશે એન્ટ્રી પાસ

### આધારકાર્ડ અને ફોટા લેવામાં આવે, લવ જેહાદના કિસ્સા ન થાય તે માટે આઈકાર્ડ લઈને જ પાસ કાઢી આપવામાં આવે

રાજકોટ, તા.૧૨

ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમવા તૈયાર છે, ત્યારે આ વખતે રાજકોટના એક રાસોત્સવ દ્વારા લવ જેહાદ રોકવા માટે પગલા લેવામાં આવ્યા છે.

સહિયર રાસોત્સવના સંચાલક સુરેન્દ્રસિંહ વાળાએ નિવેદન આપ્યું છે કે દરેક દાંડિયા રાસના આયોજકો પાસ ઈસ્યુ કરે ત્યારે આધારકાર્ડ અને ફોટા લેવામાં આનવરાત્રીનો તહેવાર નજીક આવી રહ્યો છે, ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમવા તૈયાર છે, ત્યારે આ વખતે રાજકોટના એક રાસોત્સવ દ્વારા લવ જેહાદ રોકવા માટે પગલા લેવામાં આવ્યા છે.

સહિયર રાસોત્સવના સંચાલક સુરેન્દ્રસિંહ વાળાએ નિવેદન આપ્યું છે કે દરેક દાંડિયા રાસના આયોજકો પાસ ઈસ્યુ કરે ત્યારે આધારકાર્ડ અને ફોટા લેવામાં આવે, લવ જેહાદના કિસ્સા ન થાય તે માટે આઈકાર્ડ લઈને જ પાસ કાઢી આપવામાં આવે.

આ ઉપરાંત રાજકોટના જ કડવા પાટીદાર સમાજના UD કલબના દાંડિયાનું આયોજન દરમિયા કડવા પાટીદાર આગેવાન પુષ્કર પટેલનું મોટું નિવેદન આપ્યું છે, પુષ્કર પટેલે નવરાત્રીમાં લવ જેહાદ રોકવા આપ્યું નિવેદન આપ્યું છે.

તેમણે જણાવ્યુ કે અર્વાચીન ગરબાના આયોજકોએ આધારકાર્ડ અને ફોટો લેવો જોઈએ, જેથી લવ જેહાદ જેવી ઘટનાઓ અંગે જાણકારી મળી શકે, UD કલબ નવરાત્રીના પાસ માટે આધારકાર્ડ લઈને જ પાસ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવનમાં શિક્ષણ કરતાં ચારિત્ર્યની કિંમત વધુ છે.

- હર્બર્ટ સ્પેન્સર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૯ ગૌરી વિસર્જન, શ્રી હરિ જયંતિ, અદુઃખ નોમ, ભાગવત સપ્તાહ આરંભ તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૮, મૂળ નક્ષત્ર, આયુષ્માન યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
વૃષભઃમહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
મિથુનઃખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
કર્કઃ અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
સિંહઃ સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે.
કન્યાઃ પડવ-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
તુલાઃ પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
વૃશ્ચિકઃવાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
ધનઃ પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.
મકરઃ સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સફળતા મળે.
કુંભઃ આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મીનઃ આર્થિક સમસ્યા હળવી બને. ધંધાને લગતી યોજનામાં સફળતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છ સ્થળોએ જુગાર દરોડામાં ત્રણ મહિલાઓ સહિત ૪૦ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે સ્થાનિક પોલીસે જુગાર દરોડો પાડી, જાહેરમાં તીનપત્તી નામનો જુગાર રમી રહેલા જસા ઉકા રાઠોડ, હેમત ઘેલાભાઈ પરમાર, ભાવેશ મેરામણ પાટડીયા, લક્ષ્મીબેન ખીમાભાઈ રાઠોડ, સવિતાબેન દેવશીભાઈ રાઠોડ અને સવિતાબેન બટુકભાઈ સાલાણીને ઝડપી લઈ, કુલ રૂ.૨૨,૫૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કલ્યાણપુર તાબેના બામણાસા ગામના વાડી વિસ્તારમાંથી પોલીસે શિયા ભાયા નંદાણીયા, હંસરાજ મારખી ગઢવી, મદારસંગ અભેસંગ વાઢેર, શિવરાજસિંહ જાલમસિંહ વાઢેર, નિરૂભા કનુભા વાઢેર, કાના હમીર વારોતરીયા, લખમણ હમીર વારોતરીયા અને પ્રવિણસિંહ કનુભા વાઢેરને જુગાર રમતા રૂપિયા ૪,૩૮૦ ના મુદ્દામાલ સાથે જ્યારે આ જ ગામના અન્ય એક વિસ્તારમાંથી પોલીસે કનુભા ચનુભા વાઢેર, મહેન્દ્રસિંહ દિલુભા વાઢેર, વિજયસિંહ રણમલજી વાઢેર, જેશુભા ગગુભા વાઢેર, શક્તિસિંહ મંગુભા વાઢેર, અમરસિંહ લખુભા વાઢેર, રાજદીપસિંહ જુવાનસિંહ વાઢેર, કારૂ રામ ગોજીયા અને રણમલસિંહ મુળુભા વાઢેર નામના શખ્સોને ગંજીપત્તા વડે જુગાર રમતા રૂા.૫,૩૨૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

કલ્યાણપુર પોલીસે રાવલ હનુમાનધાર વિસ્તારમાંથી ભરત રામા સોલંકી, પ્રતાપ કરસન સોલંકી, બાલુ લખમણ ગામી, જેઠા ગંધાભાઈ ગામી, લખમણ નાથા જમોડ અને ભરત મસરી ગામીને જુગાર રમતા ઝડપી લઈ, રૂા.૧૫,૪૫૦ નો મુદ્દામાલ કબજે લીધો છે.

અન્ય એક દરોડામાં ભાટિયા ગામેથી ધરણાંત નગા ચાવડા, રમેશ નથુ કાપડી, વિમલ મથુરાદાસ સામાણી, અરજણ રામદે ચાવડા, નારણ કાના ચાવડા અને પાલા રામ ગોજીયાને પોલીસે જુગાર રમતા રૂા.૫,૨૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

મીઠાપુર તાબેના સુરજકરાડી વિસ્તારમાંથી વિજયભા જેઠાભા માણેક, હીરાભા કનૈયાભા માણેક, રામભા જેઠાભા માણેક, પાલાભા ભીખાભા માણેક અને ખેતસી ચત્રભુજ ગોરીને પોલીસે રૂપિયા ૧૧,૧૭૦ ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લીધા હતા.

# જૂનાગઢના ૮૫ વર્ષીય દાદીએ જીત્યા ગોલ્ડ મેડલ

### દાદી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ જીત્યા છે સિલ્વર મેડલ

નડિયાદ, તા.૧૧૨

ગુજરાત માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ૭મી અને ૮મી સપ્ટેમ્બરના નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજયકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે ઝડપી ચાલ અને દોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

નડિયાદ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે રાજયકક્ષાની નવમી માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. જેમાં રાજયભરમાંથી સિનિયર સિટિઝને ભાગ લીધો હતો.

જેમાં ૮૫ વર્ષની વયે પણ યુવાનોને શરમાવે એવી સ્ફૂર્તિ ધરાવતા જૂનાગઢના ભાનુમતીબહેન પટેલે ૧૫૦૦ મીટર, ૫ હજાર મીટર દોડ તેમજ ૫ હજાર મીટર ઝડપી ચાલ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

તેમણે આ ત્રણેય સ્પર્ધા નિયત સમયમાં પૂર્ણ કરી પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જે બદલ માસ્ટર ખેલકૂદ મંડળ દ્વારા ભાનુમતીબહેન પટેલને ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલ ફિટ રહેવા માટે નિયમિત ચાલવું, કસરત કરવાની ટેવ ધરાવે છે. આ ઉપરાંત તેઓ પૌષ્ટિક આહાર લે છે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢના ૮૫ વર્ષીય ભાનુમતીબહેન પટેલે અત્યાર સુધીમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દોડ તેમજ ઝડપી ચાલ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર મેડલ જીતી ચૂક્યા છે.

# પાટણની સરસ્વતી નદીમાં પરિવારના સાત ડૂબ્યા, ત્રણનો બચાવ

પાટણ, તા.૧૨

હાલ રાજયભરમાં ગણેશ મહોત્સવ ચાલી રહ્યો છે, ત્યારે હાલ પાટણમાં વિસર્જન દરમિયાન મોટી દુર્ઘટના બની હોવાના અહેવાલો સામે આવ્યા છે. સરસ્વતી નદીમાં ગણેશ વિસર્જન દરમિયાન એક જ પરિવારના સાત લોકો ડૂબી ગયા છે, જેમાંથી ત્રણને બચાવી લેવાયા છે. જ્યારે એક યુવકનો મૃતદેહ હાથ લાગ્યો છે. હાલ એમડીએમ, મામલતદાર, ફાયર વિભાગ અને પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

# આગામી ૫ વર્ષમાં શહેરોમાં ૫૦૦ સ્ટ્રીટ-વેન્ડિંગ હબ સ્થાપવાની કેન્દ્રની યોજના : થાઈલેન્ડ, સિંગાપોર મોડલનો અભ્યાસ

## સરકાર આ માટે યોજનાઓ બનાવવા માટે લોકપ્રિય વૈશ્વિક શેરી બજારોનો અભ્યાસ કરી રહી છે, નિષ્ણાતો કહે છે કે શેરી વિક્રેતાઓ આયોજન પ્રક્રિયાનો ભાગ હોવા જોઈએ



નવી દિલ્હી, તા.૧૨

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર આગામી પાંચ વર્ષમાં શહેરોમાં ૫૦૦ સ્ટ્રીટવેન્ડિંગ હબ વિકસાવવા માટે એક નવી યોજના શરૂ કરવાની યોજના બનાવી રહી છે. મીડિયાને જાણવા મળ્યું છે કે હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલય (MoHUA) ભારતીય શહેરોમાં વેન્ડિંગ બજારોના વિકાસ માટે થાઈલેન્ડ, સિંગાપોર અને લેટિન અમેરિકન દેશો જેવા વેન્ડિંગ બજારોના આંતરરાષ્ટ્રીય મોડલ ઉપર ધ્યાન આપી રહ્યું છે. આ વર્ષે તેમના બજેટ ભાષણમાં નાણા પ્રધાન નિર્મલા સીતારમણે પસંદગીના શહેરોમાં આગામી પાંચ વર્ષમાં વાર્ષિક ''૧૦૦ સાપ્તાહિક બજારો અથવા સ્ટ્રીટ ફૂડ હબ'' વિકસાવવાની યોજનાની જાહેરાત કરી હતી. મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ વિચાર વેન્ડિંગ માર્કેટના કન્સેપ્ટને લોકપ્રિય બનાવવાનો છે, જે સ્ટ્રીટ વેન્ડર્સને તેમના વ્યવસાયને વધારવામાં મદદ કરશે. શેરી વિક્રેતાઓના કલ્યાણ માટે કામ કરતા મંત્રાલયના અધિકારીઓ અને કાર્યકરોના જણાવ્યા અનુસાર, આજે વિક્રેતાઓ દ્વારા સામનો કરવામાં આવતી મુખ્ય સમસ્યા શહેરોમાં તેમના વ્યવસાયો ચલાવવા માટે જગ્યાની અનુપલબ્ધતા અને બહાર કાઢવાની ધમકી છે.

જ્યારે સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઑફ લિવલીહુડ એન્ડ રેગ્યુલેશન ઑફ સ્ટ્રીટ વેન્ડિંગ) એક્ટ, ૨૦૧૪, વેન્ડિંગ ઝોનના વિકાસને ફરજિયાત બનાવે છે, ત્યારે બહુ ઓછા મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લા એક દાયકામાં શહેરોમાં આવા વિસ્તારો અથવા બજારોનો વિકાસ કર્યો છે. એક વરિષ્ઠ અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે, ''બજેટની જોગવાઈ વિક્રેતાઓને તેમના વ્યવસાયોને વધારવા માટે ટેકો આપવા તરફનું એક પગલું છે. આ માટે, તેમને જગ્યા આપવા માટે સમર્પિત બજારોની જરૂર છે. તમામ વિક્રેતાઓને સમર્પિત જગ્યા પૂરી પાડવી શક્ય નથી, પરંતુ આવા બજારોક્યાં તો દૈનિક અથવા સાપ્તાહિક-વિકાસ કરી શકાય છે, જ્યાં વિક્રેતાઓ તેમના માલના વેચાણ માટે ચૂકવણી કરી શકે છે અને સ્ટોલ લગાવી શકે છે.'' મંત્રાલય હાલમાં થાઈલેન્ડ, સિંગાપોર, બોગોટા (કોલંબિયા) અને અન્ય લેટિન અમેરિકન શહેરોના શહેરોમાં કરવામાં આવેલા કાર્યનું વિશ્લેષણ કરી રહ્યું છે, જ્યાં શેરી બજારો સમૃદ્ધ છે. બીજા અધિકારીએ જણાવ્યું હતું કે,''અમે લોકપ્રિય આંતરરાષ્ટ્રીય શેરી બજારો અને તે કેવી રીતે સંચાલિત થાય છે તેનો અભ્યાસ કરી રહ્યા છીએ. અમે બજારોની સ્થાપના અને સંચાલન માટે આ શહેરોમાં નિયમો અને નિયમો જોઈ રહ્યા છીએ. પરંતુ યોજનાને અંતિમ સ્વરૂપ આપતી વખતે, અમારે અમારા શહેરોમાં અવરોધો, ખાસ કરીને જગ્યા સાથે જોડાયેલા, ધ્યાનમાં લેવા પડશે.'' શહેરોની પસંદગી પ્રક્રિયા અંગેની વિગતો તૈયાર કરવામાં આવી રહી છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હરાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ૧૭થી ૨૫ ઓક્ટોબર

દરમિયાન પ્રથમ સત્રાંત કસોટી યોજાશતું કે શહેરોએ બજારોમાં સ્વચ્છ પીવાનું પાણી, શૌચાલય, ક્રેચ, વેન્ડિંગ માટે સમર્પિત જગ્યા અને પરિવહન મોડ્સ સાથે કનેક્ટિવિટી જેવી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી પડશે. જોકે બહુ ઓછા ભારતીય શહેરોએ વેન્ડિંગ ઝોન વિકસાવ્યા છે, એક અધિકારીએ જણાવ્યું હતું કે, રાંચી (ઝારખંડ), કારવાર (કર્ણાટક) અને ઈન્દોર (મધ્યપ્રદેશ)માં વેન્ડિંગ બજારો કેટલાક ઉદાહરણો છે જેનું અનુકરણ અન્ય શહેરો કરી શકે છે. અધિકારીએ જણાવ્યું હતું કે,''શહેરોમાં એક મુખ્ય સમસ્યા જગ્યાનો અભાવ છે. ડેડિકેટેડ સ્પેસ સિવાય વેન્ડિંગ માટે અલગ-અલગ મોડલ હોવા જરૂરી છે. વિવિધ પ્રવૃત્તિઓ માટે સમાન જગ્યાનો ઉપયોગ કરવાની જોગવાઈ હોઈ શકે છે, જેમ કે કારવારમાં જ્યાં દિવસના સમયે બીચનો ઉપયોગ રમતગમતની પ્રવૃત્તિઓ માટે થાય છે અને સાંજે તે વેન્ડિંગ ઝોનમાં પરિવર્તિત થાય છે. દરમિયાન રાંચી મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે વેન્ડિંગ માર્કેટ છે, જેમાં લગભગ ૧,૦૦૦ વિક્રેતાઓ માટે જગ્યા સમર્પિત છે.''

MoHUA મહિલા વિક્રેતાઓ માટે જગ્યા સુનિશ્ચિત કરવાની શક્યતા પણ શોધી રહી છે કારણ કે શેરી વિક્રેતાઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ છે. મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, PM સ્ટ્રીટ વેન્ડરની આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) યોજનાના લાભાર્થીઓમાં લગભગ ૪૫ ટકા મહિલાઓ છે. PM SVANidhiએ વિક્રેતાઓ માટે એક માઈક્રો-ક્રેડિટ સુવિધા છે અને કોવિડ રોગચાળાને કારણે ભોગ બનેલા તેમના વ્યવસાયોને ફરીથી શરૂ કરવામાં મદદ કરવા માટે ૨૦૨૦માં શરૂ કરવામાં આવી હતી.

**'વિક્રેતાઓએ આયોજન પ્રક્રિયાનો ભાગ હોવો જોઈએ'**

મંત્રાલયે યોજનાની વિગતોને અંતિમ સ્વરૂપ આપવાનું બાકી છે, નિષ્ણાતો કહે છે કે વિક્રેતાઓને આયોજન પ્રક્રિયાનો ભાગ બનાવવા જોઈએ. Women in Informal Employment : Globalizing and Organizing (WIEGO) ખાતે શહેરી નીતી કાર્યક્રમના એશિયા વ્યૂહરચનના વડા શાલિની સિન્હાએ જણાવ્યું હતું કે,''અન્ય દેશોના મોડલ, ખાસ કરીને વૈશ્વિક ઉત્તર, ભારતને અનુકૂળ ન આવે કારણ કે આપણો શહેરી સંદર્ભ વિશિષ્ટ છે. વેન્ડિંગ બજારોનો જીવંત વિકાસ થવો જોઈએવિક્રેતાઓ સારા ફૂટફોલ વિના ઝોનમાં રહેશે નહીં. વેન્ડિંગ સ્કીમનું આયોજન કરતી વખતે, વિક્રેતાઓને સામેલ કરવા માટે તે નિર્ણાયક છે, કારણ કે તેમની પાસે વિક્રેતાઓ અને ખરીદદારો ક્યાં ભેગા થાય છે તેની મૂલ્યવાન આંતરદૃષ્ટિ છે. વિક્રેતાઓને કુદરતી બજારોમાંથી દૂર ન કરવા જોઈએ.'' WIEGOએ એક વૈશ્વિક નેટવર્ક છે જે કામ કરતા ગરીબોને, ખાસ કરીને મહિલાઓને, તેમની આજીવિકા સુરક્ષિત કરવા માટે અનૌપચારિક અર્થતંત્રમાં સશક્તિકરણ ઉપર કેન્દ્રિત છે. નિષ્ણાતોના મતે, ૨૦૧૪ના સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટે ફરજિયાત હોવા છતાં, છેલ્લા એક દાયકામાં ભારતીય શહેરોમાં બહુ ઓછા બજારો વિકસિત થયા છે. નેશનલ એસોસિયેશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયા (NASVI)ના સ્થાપક અરવિંદ સિંહે જણાવ્યું હતું કે, સૌથી મોટી સમસ્યા યોગ્ય આયોજનનો અભાવ છે. સિંઘે કહ્યું કે શહેર પ્રશાસન દ્વારા વેન્ડિંગ માટે જગ્યા ઓળખવા માટે બહુ ઓછા પ્રયાસો કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં તેમણે જણાવ્યું હતું કે, વિક્રેતાઓને આપવામાં આવેલી જગ્યાઓ મુખ્ય બજારોથી ઘણી દૂર છે. તેમણે કહ્યું કે, ''વિક્રેતાઓએ બજારોની નજીક હોવા જોઈએ, જ્યાં પગપાળા આવન-જાવન વધુ હોય. બજારની નજીક ન હોય અથવા સહેલાઈથી સુલભ ન હોય તેવી ઈમારત અથવા સ્થાનમાં તેમને જગ્યા પૂરી પાડવાથી હેતુ નિષ્ફળ જશે. મંત્રાલયે યોજનામાં આનો ઉલ્લેખ કરવો જોઈએ.'' સિંઘના જણાવ્યા મુજબ, મોટી સંખ્યામાં શહેરો ભૌગોલિક માહિતી સિસ્ટમ આધારિત માસ્ટર પ્લાન તૈયાર કરી રહ્યા છે અને ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ્સનું આયોજન કરી રહ્યા છે, માસ્ટર પ્લાનમાં વેન્ડિંગ ઝોન માટે જગ્યા નક્કી કરવી ફરજિયાત હોવી જોઈએ. તેમણે કહ્યું કે, ''મોટા પ્રમાણમાં લોકો સ્ટ્રીટ વેન્ડિંગ સાથે સંકળાયેલા છે અને શહેરની યોજનામાં તેમની જરૂરિયાતોને ધ્યાને લેવાનો સમય આવી ગયો છે.''

# વિદ્યાર્થીઓની નોંધણીના અભાવે બંગાળ, કર્ણાટક, અને કેરળની કોલેજોએ પ્રાદેશિક ભાષાઓમાં ઈજનેરી અભ્યાસક્રમો બંધ કર્યા

## જો કે, મહારાષ્ટ્ર, યુપી, રાજસ્થાન સહિતના કેટલાક રાજ્યોમાં વિદ્યાર્થીઓની ઉચ્ચ નોંધણી થઈ છે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ના ભાગરૂપે ૨૦૨૧માં પ્રાદેશિક ભાષા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા હતા

નવી દિલ્હી, તા.૧૨

ગયા વર્ષે એક પણ વિદ્યાર્થીની નોંધણી કરવામાં નિષ્ફળ ગયા પછી ત્રણ રાજ્યો, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને કેરળમાં પ્રાદેશિક ભાષાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમો ઓફર કરતી કેટલીક તકનીકી સંસ્થાઓએ આ વર્ષથી આ કાર્યક્રમો બંધ કરવાનો નિર્ણય લીધો છે. ૨૦૨૧માં ભારતના ટેક્નિકલ એજ્યુકેશન રેગ્યુલેટર, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ એજ્યુકેશન (AICTE)એ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના ભાગરૂપે સંલગ્ન કોલેજોને પ્રાદેશિક ભાષાઓમાં ઈજનેરી અભ્યાસક્રમો ઓફર કરવાની મંજૂરી આપી હતી જે સ્થાનિક ભાષાઓમાં શિક્ષણને પ્રોત્સાહન આપે છે. ત્રણ વર્ષ પછી ૧૩ રાજ્યોની ૩૦ કોલેજો પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમો ઓફર કરે છે, શરૂઆતમાં માત્ર ૧૪ સંસ્થાઓ હતી. જો કે, ભારતમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશમાં વ્યાપક ઘટાડો અને પ્રાદેશિક ભાષાના કાર્યક્રમો સાથે સંકળાયેલ નબળાઈના કારણે વિદ્યાર્થીઓને આ કાર્યક્રમો તરફ આકર્ષિત કરવું એ એક પડકાર છે. ઈજનેરીની બેઠકો ખાલી રહે છે, તેના લીધે પ્રાદેશિક ભાષાના કાર્યક્રમોને નુકસાન થાય છે. ગયા વર્ષે સંસદમાં રજૂ કરાયેલ AICTE ડેટા અનુસાર તેની સંલગ્ન ટેક્નિકલ સંસ્થાઓમાં ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે દર વર્ષે ૩૦-૩૫ ટકા બેઠકો ખાલી રહી હતી. કોલેજો કહે છે કે, કોઈ વિદ્યાર્થી વગરનો વિભાગ ચલાવવાથી તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. આ વર્ષે અમને કેરળ, કર્ણાટક અને પશ્ચિમ બંગાળની સંસ્થાઓ તરફથી અપૂરતી નોંધણીને કારણે પ્રાદેશિક ભાષાઓમાં ઓફર કરવામાં આવતા એન્જિનિયરિંગ અભ્યાસક્રમો બંધ કરવા વિનંતીઓ મળી હતી. તે એક સ્વૈચ્છિક પહેલ છે, અમે તેમને બંધ કરવાની મંજૂરી આપી હતી. AICTE ડેટા અનુસાર ગયા વર્ષે કાઉન્સિલે ૧૩ રાજ્યોમાં ૩૫ ટેક્નિકલ સંસ્થાઓમાં ૨૫૮૦ બેઠકોને મંજૂરી આપી હતી પણ પશ્ચિમ બંગાળ, કેરળ અને કર્ણાટકમાં કોઈએ પ્રવેશ લીધો ન હતો અને માત્ર ૧૬૮૯ બેઠકો અથવા ૬૫ ટકા જ ભરાઈ હતી. પરિણામે પશ્ચિમ બંગાળ, કેરળ અને કર્ણાટકમાં ત્રણ કે ચાર કોલેજોએ તેમના પ્રાદેશિક ભાષાના એન્જિનિયરિંગ અભ્યાસક્રમો બંધ કરી દીધા છે. ગુજરાતે પણ કોઈ પ્રવેશ ન હોવાનો અહેવાલ આપ્યો છે પરંતુ કોલેજોએ તેમના પ્રાદેશિક ભાષાના ટેક્નિકલ વિભાગો બંધ કર્યા નથી. પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લામાં ટેક્નિક પોલિટેક્નિક ઈન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપાલ અવિજીત કરમકરે જણાવ્યું હતું કે, કોલેજ તેના પ્રથમ વર્ષમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ડિપ્લોમા કોર્સમાં ૩૦ ટકા બેઠકો ભરવામાં સફળ રહી હતી. સંસ્થાને ગત વર્ષે કેટલીક અરજીઓ મળી હોવા છતાં કોઈએ પ્રવેશ લીધો ન હતો. જો અંગ્રેજીમાં ભણાવવામાં આવતા એન્જિનિયરિંગ કોર્સમાં સીટો ભરાતી નથી, તો પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમો માટે સારા પરિણામોની અપેક્ષા રાખવી અવાસ્તવિક છે. કોલેજોએ તેમની પ્રતિષ્ઠાને નુકસાન ન થાય તે માટે આ અભ્યાસક્રમો બંધ કરવાનું પસંદ કર્યું છે. અમે એનબીએ-માન્યતા પ્રાપ્ત સંસ્થા છીએઅને અમારા તમામ અંગ્રેજી-માધ્યમ અભ્યાસક્રમોમાં સંપૂર્ણ નોંધણી પ્રાપ્ત કરી છે. આ કોર્સમાં શૂન્ય પ્રવેશથી અમારી પ્રતિષ્ઠા ઉપર નકારાત્મક અસર પડશે. AICTE મુજબ કર્ણાટકમાં ઓછામાં ઓછી બે કોલેજો હજુ પણ આ અભ્યાસક્રમો ઓફર કરી રહી છે, જો કે, કોલેજ અધિકારીઓનું કહેવું છે કે, આ વર્ષે હજુ સુધી કોઈ નોંધણી થઈ નથી. હરિયાણા અને ઉત્તરાખંડ પણ ગયા વર્ષે તેના પ્રાદેશિક ભાષાના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને આકર્ષવામાં નિષ્ફળ ગયા હતા, જેમાં અનુક્રમે માત્ર ૧૭ ટકા અને ૧૮ ટકા બેઠકો ભરાઈ હતી. AICTEના કુમારે કહ્યું કે, આપણે સમજવાની જરૂર છે કે, આ પહેલ હજુ પણ વિકસિત થઈ રહી છે અને અમારે વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે જાગૃતિ લાવવા માટે વધુ સહયોગ કરવાની જરૂર છે, કુમારે જણાવ્યું હતું કે, કેટલીક કોલેજોએ તેમના પ્રાદેશિક ભાષાના અભ્યાસક્રમોનું નામ બદલીને માનક અભ્યાસક્રમો રાખવા કહ્યું હતું, તેઓ પ્રાદેશિક ભાષાઓમાં ભણાવવાનું ચાલુ રાખશે. વિદ્યાર્થીઓ પાસે તેમની પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસ કરવાનો વિકલ્પ હોવો જોઈએ. AICTE વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોમાં આત્મવિશ્વાસ વધારવા માટે અભ્યાસ સામગ્રી વિકસાવવા અને પ્રાદેશિક ભાષાઓમાં શક્ય તેટલા પુસ્તકોનો અનુવાદ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તમામ રાજ્યો પ્રાદેશિક ભાષાના ટેક્નિકલ અભ્યાસક્રમો માટે સંઘર્ષ કરી રહ્યા નથી. AICTE ડેટા અનુસાર ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ અને બિહાર સહિત કેટલાક રાજ્યોમાં ગયા વર્ષે નોંધણીમાં વધારો થયો છે. ઉદાહરણ તરીકે ૧૨૪ વિદ્યાર્થીઓએ રાજસ્થાનની બે કોલેજોમાં હિન્દીમાં કમ્પ્યુટર સાયન્સમાં બી.ટેક પ્રોગ્રામ માટે સાઈન અપ કર્યું, જે ૧૨૦ ઉપલબ્ધ સીટો કરતાં વધુ છે. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમો ઓફર કરતી કોલેજોની સંખ્યા આ વર્ષે બેથી વધીને સાત થઈ છે, જેના કારણે બેઠકોની સંખ્યા ૯૦થી વધીને ૩૦૦ થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશના કાનપુરમાં પ્રણવીરસિંઘ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના ડિરેક્ટર સંજીવ ભલ્લાએ જણાવ્યું હતું કે, જે વિદ્યાર્થીઓ અંગ્રેજી-માધ્યમ કમ્પ્યુટર સાયન્સ પ્રોગ્રામ્સમાં સ્થાન મેળવી શક્યા ન હતા તેઓ હિન્દીમાં સમાન કોર્સ પસંદ કરી રહ્યા હતા. તે ઘણીવાર પસંદગીને બદલે ઉપલબ્ધતાની બાબત હોય છે. જો તેઓ અંગ્રેજી-માધ્યમના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકતા નથી, તો વિદ્યાર્થીઓ વિકલ્પ તરીકે હિન્દીમાં કમ્પ્યુટર સાયન્સ પસંદ કરી રહ્યા છે.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં આગામી ૧૭થી ૨૫ ઓક્ટોબર દરમ્યાન પ્રથમ સત્રાંત કસોટી યોજાશે

- **GCERT દ્વારા ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો**
- **સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ સમાન સમયપત્રક, પ્રશ્નપત્ર અનુસાર પરીક્ષા લેવાની રહેશે**

અમદાવાદ, તા.૧૨

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં લેવાનારી પ્રથમ સત્રાંત કસોટીનો કાર્યક્રમ GCERT જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૧૭ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર દરમ્યાન પ્રથમ સત્રાંત કસોટીનું આયોજન કરવાનું રહેશે. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોએ નક્કી કરેલા સમયપત્રક અને પ્રશ્નપત્રના આધારે જ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે. જ્યારે ખાનગી સ્કૂલો શાળાકક્ષાએ પ્રશ્નપત્ર તૈયાર કરી સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લઈ શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર દરમ્યાન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર રાજયમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, શાસનાધિકારીને સોંપવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમય પત્રકના આધારે અમલી કરવાના રહેશે. સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે નિયત કરેલી રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે. પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે.

### ભારતીય વાયુસેનામાં મહિલાઓ ઉપર થતાં દુરાચારનો ભયાનક કિસ્સો સામે આવ્યો

# મહિલા IAF અધિકારીએ સિનિયર વિરૂધ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો, કહ્યું : ઓરલ સેક્સ માટે ફરજ પડાઈ

## સેનામાં ફરિયાદની કોઈ અસર ન થતાં આખરે મહિલા અધિકારીએ કંટાળીને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી, છેલ્લા બે વર્ષથી શારીરિક શોષણનો ભોગ બની રહી હોવાની ફરિયાદ

શ્રીનગર, તા.૧૨

ભારતીય વાયુસેનાની એક મહિલા ફલાઈંગ ઓફિસરે વિંગ કમાન્ડર ઉપર બળાત્કારનો આરોપ લગાવીને પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે જમ્મુ-કાશ્મીરના બડગામ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. બંને અધિકારીઓ શ્રીનગરમાં રહે છે. ભારતીય વાયુસેનાએ કહ્યું છે કે, તેઓ અધિકારીઓને સહકાર આપી રહ્યા છે. એરફોર્સે સમાચાર એજન્સીને જણાવ્યું કે, 'અમે આ કેસથી વાકેફ છીએ. સ્થાનિક પોલીસ સ્ટેશન બડગામે આ મામલે શ્રીનગરમાં ભારતીય વાયુસેનાનો સંપર્ક કર્યો છે અને અમે સ્થાનિક અધિકારીઓને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છીએ.' મહિલા ફલાઈંગ ઓફિસરે પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, તે છેલ્લા બે વર્ષથી હેરાનગતિ, જાતીય હુમલો અને માનસિક ત્રાસ સહન કરી રહી છે. અધિકારીએ કહ્યું કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ઓફિસર્સ મેસમાં નવા વર્ષની પાર્ટીમાં તેના વરિષ્ઠે પૂછ્યું કે શું તેને ભેટ મળી છે. જ્યારે તેણીએ કહ્યું કે, તેણી પાસે નથી, ત્યારે વિંગ કમાન્ડરે કહ્યું કે, ભેટો તેના રૂમમાં છે અને તેણીને ત્યાં લઈ ગયો. જ્યારે તેણીએ પૂછ્યું કે તેનો પરિવાર ક્યાં છે, ત્યારે તેણે કહ્યું કે, તેઓ બીજે રહે છે.

ફલાઈંગ ઓફિસરે આરોપ લગાવ્યો છે કે, તેના વરિષ્ઠે તેને ઓરલ સેક્સ માટે દબાણ કર્યું અને તેની શારીરિક છેડતી કરી. તેણે કહ્યું, 'મેં તેને વારંવાર તે કરવાનું બંધ કરવા કહ્યું અને શક્ય તેટલી બધી રીતે તેનો પ્રતિકાર કરવાનો પ્રયાસ કર્યો. આખરે મેં તેને ધક્કો માર્યો અને ભાગી ગઈ. તેણે કહ્યું કે, જ્યારે તેનો પરિવાર જશે ત્યારે અમે શુક્રવારે મને ફરી મળીશું.' ફલાઈંગ ઓફિસરે કહ્યું કે, તેની સાથે શું થયું તેની નોંધણી કરવામાં તેને થોડો સમય લાગ્યો. તેણે કહ્યું, 'હું ભયભીત હતી અને શું કરવું તે જાણતી ન હતી કારણ કે, અગાઉ પણ એવા કિસ્સાઓ હતા કે જેમાં મને નિરાશા મળી હતી. આ ઘટના પછી તેણે મારી ઓફિસની મુલાકાત લીધી હતી. તેણે એવું વર્તન કર્યું કે, જાણે કંઈ થયું જ નહોતું અને તેની આંખણોમાં પસ્તાવાનીકોઈ નિશાની ન હતી.' મહિલા અધિકારીએ કહ્યું કે, તેણી અન્ય બે મહિલા અધિકારીઓ સુધી પહોંચી અને તેઓએ તેણીને ફરિયાદ દાખલ કરવા માર્ગદર્શન આપ્યું. તેણીએ કહ્યું, 'હું માનસિક વેદનાનું વર્ણન કરી શકતી નથી, એક અપરિણીત છોકરી હોવાના કારણે જે દળોમાં જોડાઈ હતી અને તેની સાથે ઘૃણાસ્પદ રીતે વર્તન કરવામાં આવ્યું હતું.' તેણીની ફરિયાદ બાદ તેણીએ જણાવ્યું હતું કે, કર્નલ રેન્કના અધિકારીને ઘટનાની તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. વિંગ કમાન્ડરને નિવેદનો રેકોર્ડ કરવા માટે આ વર્ષે જાન્યુઆરીમાં તેની સાથે બે વાર બેસાડવામાં આવ્યા હતા એમ તેણીએ આક્ષેપ કર્યો છે. તેણીએ કહ્યું છે કે, તેણીએ વરિષ્ઠ અધિકારીની હાજરી સામે વાંધો ઉઠાવ્યો હતો અને બાદમાં 'વહીવટની ભૂલો છૂપાવવા' માટે તપાસ બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ તેણીએ આંતરિક સમિતિને નવી અરજી દાખલ કરી અને તે બે મહિના પછી મળી. ઘણી વખત આગ્રહ કર્યો હોવા છતાં તબીબી તપાસ કરાઈ ન હતી તેવો આક્ષેપ કરીને તેણે કહ્યું કે, 'શોષણના અપરાધીને મદદ કરવા માટે પોલીસ સ્ટેશન સત્તાવાળાઓનું પૂર્વગ્રહમારા માટે ખૂબ જ દુ:ખદ હતું.' ફલાઈંગ ઓફિસરે કહ્યું કે, 'આઈસી (આંતરિક સમિતિ)એ તેનું કામ યોગ્ય રીતે કર્યું ન હતું કારણ કે, પરિણામને તટસ્થ રાખવા માટે ઉચ્ચ સ્તરેથી નિર્દેશો આવ્યા હતા. દરેક વ્યક્તિ જાતીય અપરાધીને મદદ કરી રહી હતી.' પોતાના અથવા વિંગ કમાન્ડર માટે અલગ પોસ્ટિંગ માટે તેની વિનંતીઓ ઉપર ધ્યાન ન આપવાનો આરોપ મૂકીને તેણે કહ્યું કે, 'મેં વચગાળાની રાહત માટે વિનંતી કરી હતી અને ઘણી વખત રજા માટે વિનંતી કરી હતી પરંતુ મને દર વખતે રજા નકારી દેવામાં આવી હતી.' તેણે કહ્યું કે, 'મને આ લોકો સાથે સામાજિક વ્યવહાર કરવા અને મારા દુરૂપયોગકર્તા સાથે ઈવેન્ટ્સમાં હાજરી આપવા માટે ફરજ પાડવામાં આવે છે. જ્યારે તે આનંદ માણી રહ્યો છે. મને રોજિંદા ધોરણે અધિકારીઓના હાથે હેરાન કરાય છે.' તેના અનુસાર આંતરિક સમિતિએ કહ્યું છે કે, ઘટનામાં કોઈ સાક્ષીના અભાવને કારણે સાબિત થતી ન હોવાનું જણાવી મે મહિનામાં તેની તપાસ બંધ કરી દીધી હતી. તેણે કહ્યું, 'શું તે સામાન્ય સમજ નથી કે કોઈ સાક્ષીની સામે જાતીય હુમલો ન કરે ?' ફલાઈંગ ઓફિસરે 'સતત માનસિક સતામણી' અને 'સામાજિક બહિષ્કાર'ની ફરિયાદ કરી છે. તેણે કહ્યું, 'મારા અંગત સંદેશાવ્યવહાર પર બિનસત્તાવાર રીતે સતત દેખરેખ રાખવામાં આવે છે. હું જેની સાથે વાત કરૂં છું તેઓને સત્તાવાળાઓ દ્વારા હેરાન કરવામાં આવે છે.' તેણીએ જણાવ્યું હતું કે, ચાલુ સતામણીથી તેણીના માનસિક સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર પડી છે. અંતે તેણે કહ્યું કે, 'હું સતત ભયમાં જીવી રહી છું, ૨૪ કલાક તપાસ હેઠળ મારૂં સામાજિક જીવન સંપૂર્ણપણે વિક્ષેપિત થઈ ગયું છે. સતામણીએ મને આત્મહત્યાના વિચારો તરફ ધકેલી છે અને હું સંપૂર્ણપણે અસહાય અનુભવું છું. હું મારા રોજિંદા જીવનને આગળ ધપાવવામાં અસમર્થ છું અને મારી સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ ઉપર અધિકારીઓ દ્વારા બારીકાયથી દેખરેખ રાખવામાં આવે છે અને હું ખૂબ લાંબા સમય સુધી આ ત્રાસ સહન કરૂં છું અને હું ભાંગી પડવાના આરે છું.'

# ગર્ભાશયના કેન્સરની સામે લડત આપવા માટે ડીએનએ વેલનેસે ડીએનએ પ્લોઈડી ટેસ્ટનો વિશેષાધિકાર પ્રાપ્ત કર્યો

## 'CERVISure' નામથી જાણીતા આ ટેસ્ટની સાથે ડીએનએ વેલનેસે અમદાવાદમાં ગર્ભાશયના કેન્સરની નવા પ્રકારની તપાસની સેવા પૂરી પાડનારી ભારતની પ્રથમ ટેસ્ટિંગ લેબોરેટરી પણ લોન્ચ કરી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, ૧૨

ડીએનએ વેલનેસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ડીએનએ વેલનેસ)એ મંગળવારના રોજ કેનેડા સ્થિત બ્રિટીશ કોલંબિયા કેન્સર રીસર્ચ એજન્સી દ્વારા વિકસાવવામાં આવેલા અભૂતપૂર્વ નૈદાનિક સાધન ડીએનએ પ્લોઈડી ટેસ્ટ કરવા માટેના વિશેષાધિકારો પ્રાપ્ત કર્યા હોવાની જાહેરાત કરી હતી. આ ટેસ્ટનું બ્રાન્ડ નેમ 'CERViSure' છે, જે ગર્ભાશયના કેન્સરનું નિદાન કરવા માટેની એક ઝડપી, સચોટ અને નોન-ઈન્વેસિવ પદ્ધતિ છે. તેની સાથે, કંપનીએ અમદાવાદમાં ભારતની સર્વપ્રથમ CERVISure લેબોરેટરીને પણ લોન્ચ કરી હતી, જે અહીંના લોકોને ગર્ભાશયના કેન્સરની તપાસની સુવિધા પૂરી પાડશે. રૂા.૫,૫૦૦માં થતો આ ટેસ્ટ ગર્ભાશયના કેન્સરને અટકાવવા માટેનું ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાધન છે.

નવેમ્બર ૨૦૨૦માં સ્થપાયેલી અને ગુજરાતના અમદાવાદમાં પોતાનું વડુંમથક ધરાવતી ડીએનએ વેલનેસએ ભારતમાં અદ્યતન ડીએનએ પ્રોફાઈલિંગની ટેકનોલોજી પૂરી પાડનાર અગ્રણી દિગ્ગજ છે. તે બીમારીની તપાસ માટે દર્દીઓના પરિણામોને સુધારવા આનુવંશિક અસ્થિરતાની જાણકારી મેળવવાના ક્ષેત્રમાં કામ કરે છે. ભારતને ગર્ભાશયના કેન્સરથી મુક્ત બનાવવાના મિશનની સાથે આ કંપનીએ કેનેડા સ્થિત બ્રિટીશ કોલંબિયા કેન્સર રીસર્ચ એજન્સીના સંશોધનની મદદથી ભારતીય બજારમાં CERVISure ટેસ્ટ બ્રાન્ડ નેમથી ડીએનએ પ્લોઈડી ટેસ્ટ લોન્ચ કર્યો છે.

ગર્ભાશયના કેન્સરની જાણકારી મેળવવામાં ખૂબ મોટી સફળતા ગણાતો CERVISure ટેસ્ટ પરંપરાગત પદ્ધતિઓ કરતાં બે વર્ષ પહેલાં જ કેન્સરજન્ય કોષોને ઓળખી કાઢવામાં મદદરૂપ થાય છે. આ ટેસ્ટ ૧૦૦% વિશેષતા અને ૯૮% સંવેદનશીલતાની સાથે ઘણી ઊંચી સચોટતા ધરાવે છે.

ખાસ રીતે રચવામાં આવેલા નોન-ઈન્વેસિવ બ્રશનો ઉપયોગ કરીને ગર્ભાશયમાંથી મ્યુકોસલ સેમ્પલ લઈને આ ટેસ્ટ કરવામાં આવે છે. ત્યારબાદ, આ સેમ્પલ પર પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે અને એઆઈથી સમર્થિત સોફ્ટવેર વડે તેનું વિશ્લેષણ કરવામાં આવે છે, જે ઊંચી સચોટતાની ખાતરી કરવા માટે ૫ કરોડથી વધારે દર્દીઓના સેમ્પલના ડેટાબેઝની સાથે ટેસ્ટના પરિણામોને સરખાવે છે.

CERVISureના લોન્ચ પર ડીએનએ વેલનેસના સહ-સ્થાપક પથિક ભંડારીએ જણાવ્યું હતું કે, 'ભારતમાં ડીએનએ પ્લોઈડી ટેસ્ટને લોન્ચ કરવો એ ભારતને ગર્ભાશયના કેન્સરથી મુક્ત બનાવવાના અમારા વિઝનની દિશામાં લેવામાં આવેલું અમારૂં પ્રથમ પગલું છે તે વહેલું નિદાન કરીને સમગ્ર ભારતની મહિલાઓનું સશક્તિકરણ કરશે અને આમ તે પ્રભાવિત થયેલા દર્દીઓના જીવિત રહેવાના દરને સુધારશે.

આગળ જતાં ડીએનએ વેલનેસ ડીએનએ પ્લોઈડી ટેસ્ટ મહત્તમ સંખ્યામાં દર્દીઓ સુધી પહોંચે તે માટે વર્ષ ૨૦૨૭ સુધીમાં તબક્કાવાર રીતે સમગ્ર ભારતમાં ૧૦૦ અલાયદી CERViSure લેબોરેટરીઓ સ્થાપવા માટે રૂા. ૨૦૦ કરોડનું રોકાણ કરશે. ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં કંપની અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં આવી અલાયદી લેબોરેટરીઓનું અનાવરણ કરશે.'

તેના પગલે દેશના અન્ય રાજયોમાં પણ વ્યૂહાત્મક વિસ્તરણ કરવામાં આવશે. ડીએનએ પ્લોઈડી ટેસ્ટને સમગ્ર દેશમાં ઉપલબ્ધ કરવાના ઉદ્દેશ્યની સાથે આ ટેસ્ટની પહોંચને વધારવા માટે ડીએનએ વેલનેસની યોજના હોસ્પિટલો, ક્લિનિક અને ડૉક્ટરોની સાથે સહયોગ સાધવાની છે. ૨૦થી ૬૦ વર્ષની સ્ત્રીઓને ઓછામાં ઓછા ત્રણ વર્ષમાં એકવાર CERViSure ટેસ્ટ કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

# જૂનાગઢ નીચલા દાતાર ખાતે શાંતિ સમિતિની બેઠક મળી



જૂનાગઢ તા. ૧૨

સમગ્ર ગુજરાત અને જૂનાગઢ શહેરમાં આગામી દિવસોમાં હિન્દુ-મુસ્લીમ સમાજના તહેવારો આવી રહયા છે ત્યારે સુલેહ શાંતિ તથા કોમી એકતા અને ભાઈચારાથી તમામ ધર્મના તહેવારોની ઉજવણી કરવામાં આવે તેવા હેતુથી ગઈકાલે જૂનાગઢ નીચલા દાતાર ખાતે શાંતિ સમિતિની બેઠક જૂનાગઢના પી.આઈ. શ્રી પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના અગ્રણી બટુકભાઈ મકવાણા, અશરફભાઈ થઈમ, કાળાભાઈ રાણવા, એડવોકેટ જીશાન હાલેપોત્રા, વહાબભાઈ કુરેશી, એડવોકેટ શમાભાઈ, સોહેલ સિદીકી, સમીરબાપુ કાદરી, સલીમભાઈ પલેજા, યુસુફભાઈ, સકુભાઈ મકરાણી, રજાકભાઈ દાતારી, શાહનવાઝ મકરાણી, અમરાભાઈ, કારૂભાઈ, સમીરભાઈ સહિતના હિન્દુ-મુસ્લીમ સમાજના અગ્રણીઓ, વેપારીઓ ઉપસ્થિત રહયા હતા અને હિન્દુ-મુસ્લીમ સમાજના લોકોને ભાઈચારાથી તહેવારોની ઉજવણી કરવા અપીલ કરવામાં આવેલ હતી. આ બેઠકની તમામ વ્યવસ્થા મુન્નાબાપુ કાદરીએ સંભાળી હતી.

# ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ફટકારતી જૂનાગઢ કોર્ટ

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢની એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટે ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને બે વર્ષની સજા તથા વળતરની રકમ ૩૦ દિવસમાં ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, વિરલ જસંવતભાઈ સેજપાલે હાલ વી.વી. એગ્રો માખીયાળા, દેવાણી એગ્રો બ્રોકર્સ રાજકોટ તથા વી.વી. એગ્રો જૂનાગઢ મુકામે કામ સંભાળતા અને ધાણાનાં વેપારી અજયકુમાર વિનોદચંદ્ર દેવાણી સામે રૂા.૧૫ લાખ લેવાના હતા જે પેટે ચેક આપેલો હતો જે ચેક પરત થતાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે જૂનાગઢની કોર્ટમાં કેસ દાખલ કરેલ હતો. જે કેસની સુનાવણી જૂનાગઢના નામદાર ત્રીજા એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ શ્રી ડી.એમ. ચાંપાનેરીયાની કોર્ટમાં હાથ ધરાતા ફરીયાદી વિરલભાઈ સેજપાલના વકીલ જયદેવ આર. જોષી તથા અજય એમ. પારેખની દલીલોને ધ્યાને લઈ આરોપી અજયકુમાર વિનોદચંદ્ર દેવાણીને તકસીરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે અને ચેકની રકમની બમણી રકમ રૂા.૩૦ લાખ ચેકની તારીખથી ૯ ટકાના વ્યાજ સહીત ફરીયાદીને ચુકવી આપવા હુકમ કરેલ છે.

# માંગરોળ ખાતે જેન્ડર તાલીમ કાર્યક્રમ સફળતા પુર્વક સંપન્ન

માંગરોળ તા. ૧૨



આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ ભારત દ્વારા માંગરોળ મહિલા મંચના નેજા હેઠળ ગઈકાલે જેન્ડર તાલીમ યોજાઈ ગઈ હતી. જેમાં માંગરોળ તાલુકાના કુલ ૩૮ ગામ માથી તલાટીશ્રીઓ અને તાલુકાના બીજા વિભાગના અધિકારી એમ મળી કુલ ૬૧ લોકો હાજર રહ્યા હતા. વિષય જેન્ડર સમાનતા અને સમાન ભાગીદારીને લઈ સમજ આપવામાં આવી હતી.

તાલીમ કાર્યક્રમની શરૂઆત માંગરોળ તાલુકા પંચાયાત પ્રતિનિધિ ભાવેશભાઈ ડાભી તેમજ તાલુકા વિકાસ અધિકારી સાથે મદદનિશ તાલુકા વિકાસ અધિકારી શ્રી લડાણી દ્વારા કાર્યક્રમની દીપ પ્રાગયટથી અને સંસ્થાના થીમ સોંગથી કરવામાં આવી હતી.

તાલીમમાં મુખ્ય જેન્ડર એટલે શું ? સ્ત્રી અને પરૂષની સમાનતા અને સમાજ અને કુદરત દ્વારા ફેરફારો અને તેની સમાજ ઉપર થતી અસર તેને લઈને ખાસ રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામ વિકાસના કામમાં સ્ત્રી અને પુરૂષોની ભાગીદારી સચવાય તેમજ શિક્ષણ આરોગ્ય તેમજ યોજનામાં સમાવેશ થાય તેવા સાથે મળી કાર્યક્રમો કરીએ.

માંગરોળ તાલુકા વિકાસ અધિકારી દ્વારા તલાટીઓને સમાનતા અંગે ખૂબ સરસ સંબોધન કરેલ હતું. ખાસ કરીને જ્યાં સુધી આપણાં વિચારો શિક્ષણ અને તેની ગુણવતા સાથે નહિ સાચવીએ ત્યાં સુધી અધિકારોથી વંચિત રહીશું, આપણે હકારાત્મક ભૂમિકા સાથે ચાલવું પડશે તોજ આપણે ન્યાય આપી શકીશું.

તાલીમને રસપ્રદ ઉત્સાહિત કરવામાં એજેક્સ પ્રોજેકટ સ્ટાફ અને નાગરિક મિત્ર દ્વારા સારૂં સંકલન કરવામાં આવેલ હતું. તાલીમમાં તલાટીઓ હાજર રહે તેના માટે માંગરોળ તાલુકા પંચાયતએ ખૂબ સારો સહકાર આપેલ હતો. તાલુકા પંચાયત અને સંસ્થાના સફળ પ્રયત્નોથી તાલીમના ફિડબેક લઈ આભાર માની તાલીમ પૂર્ણ કરવામાં આવી હતી.

# ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશ દ્વારા અમદાવાદની ગ્રીન સ્પેસમાં ૧૦માં જાહેર ઉદ્યાનનો ઉમેરો

## મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના હસ્તે નરોડા વિસ્તારમાં નવા તૈયાર કરાયેલ જાહેર બગીચાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



અમદાવાદ તા.૧૨

ટોરેન્ટ ગ્રુપની ચેરિટેબલ સંસ્થા યુએનએમ ફાઉન્ડેશને બુધવારે નરોડા ખાતે તૈયાર કરવામાં આવેલ નવો જાહેર બગીચો અમદાવાદની જનતાને સમર્પિત કર્યો હતો. આ સાથે અમદાવાદમાં યુએનએમ ફાઉન્ડેશનની 'પ્રતીતિ' પહેલ અંતર્ગત વિકસાવવામાં આવેલ અને સંચાલીત જાહેર બગીચાની સંખ્યા વધીને ૧૦ થઈ છે.

નરોડા ખાતે તૈયાર કરવામાં આવેલ નવા બગીચાનું ઉદ્ઘાટન બુધવારે અમદાવાદ શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટોરેન્ટ પાવર લિમિટેડના એકિઝક્યુટિવ ડિરેક્ટર સુધીર પ્રસાદ હાજર રહ્યા હતા.

કુલ ૬,૭૬૬ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલ આ નવો જાહેર બગીચો અમદાવાદ મહાનગર પાલિકાના ઉત્તર ઝોનના નરોડા વોર્ડમાં પેનેશિયા રેસિડેન્સી TP-121, FP-145 ખાતે આવેલ છે. નરોડા ખાતે નવો વિકસિત આ ગાર્ડન શહેરની ઉત્તમ જાહેર માળખાકીય સુવિધાઓનો ઉત્તમ નમુનો છે. જેમાં મુલાકાતીઓની જરૂરીયાતો મુજબ વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

નરોડા ગાર્ડનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં અમદાવાદ મહાનગર પાલિકાના નાયબ મેયર જતીન પટેલ, સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણી, શાસક પક્ષના નેતા ગૌરાંગ પ્રજાપતિ, મુખ્ય દંડક શ્રીમતી શિતલ ડાગા, આરોગ્ય અને ઘન કચરા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ જસુભાઈ ચૌહાણ, મનોરંજન-સાંસ્કૃતિક અને હેરિટેજ સમિતિના અધ્યક્ષ જયેશભાઈ ત્રિવેદી સહિત મહાનુભાવો, યુ.એન.એમ. ફાઉન્ડેશનના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત આસપાસની સોસાયટીઓના રહેવાસીઓ હાજર રહ્યા હતા. આ જાહેર બગીચો અમદાવાદના નાગરિકો માટે અર્બન ગ્રીન સ્પેસ વધારવાના યુ.એન.એમ. ફાઉન્ડેશનના પ્રયત્નોમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે.

યુ.એન.એમ ફાઉન્ડેશને પોતાની પ્રતીતિ પહેલ હેઠળ અત્યાર સુધી અમદાવાદ શહેરમાં ૯૮,૮૬૪ ચોરસ મીટર વિસ્તારને આવરી લેતા જાહેર બગીચાઓનું નવ નિર્માણ વિકાસ અને જાળવણી કરી રહી છે. નરોડા ખાતે આ ૧૦ માં જાહેર બગીયાનો સમાવેશ થયા પછી અમદાવાદમાં 'પ્રતીતિ' પહેલ અંતર્ગત વિકસિત કુલ વિસ્તાર વધીને ૧,૦૫,૬૩૦ ચોરસ મીટર થયો છે. ઉપરાંત વધુ ૮૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં બે બગીચાના કામ પ્રગતિ હેઠળ છે.

યુ.એન.એફ. ફાઉન્ડેશન શહેરી જગ્યાઓમાં ગ્રીન કવરના સંરક્ષણ અને જાળવણી ઉપર વિશેષ ભારી મુકી રહ્યું છે. 'પ્રતીતિ' પહેલ હેઠળ અમદાવાદ, ગાંધીનગર, સુરત અને દમણ શહેરમાં આવેલ ૧૩ બગીચાઓમાં લગભગ ૩.૪૭ લાખ ચોરસ મીટર વિસ્તારને આવરી લેતા ચાર બાગીચાઓ વિકસાવવામાં આવી રહયા છે.

# ચેક રીટર્નનાં કેસમાં આરોપીને એક વર્ષની સજા

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢની એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટે ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને એક વર્ષની સજા તથા વળતરની રકમ ૩૦ દિવસમાં ચુકવી આપવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢના રહીશ રાજેન્દ્ર ગીરધરલાલ શર્માએ રેલ્વે વિભાગમાં ફરજ બજાવતા ફિરોજખાન અયુબખાન યુસુફજયને સંબંધના નાતે હાથ ઉછીના રૂા.૧ લાખ આપ્યા હતા. જે પરત માંગતા ફિરોજખાને રૂા.૧ લાખનો ચેક આપેલ હતો. જે ચેક બેંકમાં જમાં કરાવતા પરત થયેલો હતો. જેથી ફરીયાદી રાજેન્દ્ર શર્માએ જૂનાગઢની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફોજદારી કેસ દાખલ કરેલ હતો. આ કેસ નામદાર એડીશ્નલ ચીફ જયુડી. મેજી. શ્રી એચ.ટી. ધોળકીયાની કોર્ટમાં ચાલી જતાં ફરીયાદીના એડવોકેટ અજય એમ. પારેખની દલીલો તથા રજુઆતને ધ્યાને લઈ આરોપી ફિરોજખાન અયુબખાનને એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમના બમણા રૂા.૨ લાખ વળતર ફરીયાદીને દિન-૩૦ માં ચુકવવા હુકમ કરેલ છે.

# કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામે અકસ્માતે કુવામાં પડી જતા યુવાનનું કરૂણ મૃત્યુ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૨

કલ્યાણપુર તાલુકાના બાકોડી ગામે રહેતા એક યુવાન બુધવારે બપોરે અકસ્માતે પાણી ભરેલા કૂવામાં પડી જતા તેમનો નિષ્પ્રાણ સાંપળ્યો હતો. આ કરુણ બનાવ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ કલ્યાણપુર તાબેના બાકોડી ગામના વાડી વિસ્તારમાં રહેતા જેસાભાઈ જગાભાઈ ગોજીયા નામના આશરે ૩૦ વર્ષના યુવાન ગઈકાલે બુધવારે બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાના સમયે તેમની વાડીએ કામ કરી રહ્યા હતા, ત્યારે પાણીની મોટર ચાલુ કરવા જતા તેમનો પગ લપસ્યો હતો અને તેઓ ૫૦ ફૂટ જેટલા પાણી ભરેલા ઊંડા કુવામાં પડી ગયા હતા.

આ બનાવ અંગેની જાણે સ્થાનિક સરપંચ ડાડુભાઈ બેડીયાવદરા દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા ફાયર સ્થાપના નિમેશભાઈ, જીતેન્દ્રસિંહ વિગેરે ફાયર ફાયટર, એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ કુવામાંથી જેસાભાઈનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ મૃતદેહનો કબજો કલ્યાણપુર પોલીસને આપવામાં આવ્યો છે. મૃતક યુવાન પરિણીત હતો અને તેમને એક પુત્રી પણ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવે મૃતકના પરિવારજનોમાં ભારે શોક સાથે આઘાતની લાગણી પ્રસરાવી છે.



# ગીરગઢડા રહેણાંક મકાનમાં વહેલી સવારે નાની વયનો સિંહ ઘુસી જતાં અફડા તફડી મચી


## વન વિભાગ દ્વારા રેશક્યું દરમ્યાન સિંહ નાશી છૂટ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૧૨

ગીરગઢડા રહેણાંક મકાનમાં વહેલી સવારે એક સિંહ ઘુસી જતાં રહીશોમાં અફડા તફડી મચી ગયેલ હતી. જેની જાણ વન વિભાગને કરતા તાત્કાલિક સ્થળ પર રેસ્ક્યું ટીમ પહોંચી હતી. પરંતુ આ સિંહ રેસકયું દરમ્યાન નાશી છૂટ્યો હતો. લોકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું.

ગીરગઢડા શહેરમા સિંહ પરિવાર આવી ચડ્યો હતો. એ દરમ્યાન સિંહ પરિવારમાંથી એક નાની વયનો સિંહ વિખૂટો પડી જતાં નજીકમાં પટેલપરા વિસ્તારમાં રહેતાં જીવરાજભાઈ લવજીભાઈ ઘીનીયાના રહેણાંક મકાનમાં ઘુસી જતાં અફડા તફડી મચી હતી. જેની જાણ વન વિભાગને કરવામાં આવતા તાત્કાલિક રેસક્યું ટીમ સ્થળ પર દોડી ગયેલ હતી. અને મકાનમાં ઘૂસેલ સિંહને વન વિભાગ દ્વારા રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી પરંતુ આ સિંહ રેસ્કયુ દરમ્યાન નાશી છૂટ્યો હતો. જો કે વન વિભાગ દ્વારા ભારે જહેમત બાદ પણ સિંહ મકાનની બહાર નિકળી નાસી



ગયેલ હતો. જોકે સિંહ મકાનના ફળિયામાં ઘૂસી જતાં અફરા તફરીના દ્રશ્યો જોવા મળ્યાં હતા.

# ખંભાળિયામાં મુખ્ય જીલ્લા ન્યાયાલય ખાતે રક્તદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૨

ખંભાળિયામાં મુખ્ય જિલ્લા ન્યાયાલય ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નેજા હેઠળ તેમજ જનરલ હોસ્પિટલ, જિલ્લા વકીલ મંડળ અને જિલ્લા ન્યાયિક કર્મચારી મંડળ,ના સહયોગથી થેલેસેમીયાના દર્દીઓ માટે આગામી તા. ૨૧ ના રોજ ખંભાળિયાના હર્ષદપુર વિસ્તારમાં જિલ્લા ન્યાયાલયના રૂમ નં. ૧૧૩, વકિલ મંડળ રૂમ ખાતે સવારે ૯ બપોરે ૩ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની જનતાને આ સેવા કાર્યમાં સહભાગી થવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મુસ્લીમ શેખ જમાતના તેજસ્વી તારલાઓના સન્માન માટે અરજીઓ મંગાવાઈ

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ મુસ્લીમ શેખ જમાતનાં અભ્યાસ કરતા બાળકો કે જેઓ ધો.૮, ૯ અને ૧૧ માં ૬૫ ટકા તેમજ ધો.૧૦ તથા ૧૨ અને સ્નાતક કક્ષાએ ૬૦ ટકાથી વધારે ગુણ મેળવેલ હોય તેઓનું સન્માન કરવામાં આવનાર છે. જે અન્વયે તા.૧૧-૯-૨૪ સુધીમાં અરજીઓ માંગવામાં આવેલ હતી. પરંતુ ગત વર્ષે ઘણી બધી અરજીઓ આવતી હતી અને આ વર્ષે પણ ઘણી અરજીઓ આવેલ છે તેમજ ઘણા અભ્યાસક્રમ/ફેકલ્ટીના રિઝલ્ટ પણ બાકી છે એટલે અરજી ફોર્મ જમાં કરવાની મુદતમાં વધારો કરવામાં આવેલ છે અને તા.૨૬-૯-૨૪ સુધીમાં અરજીઓ સ્વીકારવામાં આવશે તેમ શેખ જમાતના પ્રમુખ હાજી મો.ઈકબાલભાઈ જે. શેખની યાદીમાં જણાવાયું છે.

# ચોમાસામાં પ્રકૃતિની વધુ-ઓછા વરસાદની અસર વચ્ચે ફાયદાકારક, પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં મિશ્ર પાકની "સફળ ખેતી"



## જમીન, પાણી અને સમયનો કાર્યક્ષમ ઉપયોગ એટલે મિશ્ર પાક પદ્ધતિ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૧૨

સુરેન્દ્રનગર જિલ્લામાં મોટા ભાગનો પ્રદેશ સુકો વિસ્તાર છે. વરસાદનું પ્રમાણ પણ ઓછું હોય છે ત્યારે જિલ્લાની ખેતીવાડી વરસાદ કરતા કેનાલ પર વધુ આધારિત છે. આ ભૌગોલિક પરિસ્થતિમાં જો ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે અને તેમાં મિશ્ર પાક પદ્ધતિ અપનાવવામાં આવે તો, ખેડૂતોને સારો ફાયદો થઈ શકે. આ પદ્ધતિથી ખેડૂતમિત્રો જમીન, પાણી અને સમયનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકે છે. એટલું જ નહીં, ચોમાસા ઉપર નિર્ભર રહેતી ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિથી એક પાક નિષ્ફળ જવા છતાં બીજા પાકમાંથી કેટલુંક ઉત્પાદન મેળવી શકાય છે. ધાન્ય વર્ગના પાકોની સાથે કઠોળ વર્ગના પાકોની મિશ્ર પાક પદ્ધતિ કરવાથી જમીનની ફળદ્રુપતા પણ વધે છે.

કઠોળ વર્ગના પાક સહજીવી રીતે હવામાં નાઈટ્રોજન લઈ શકે છે, જેથી તેના પછી લેવામાં આવેલ પાકને અથવા તો મિશ્ર પાકને તેનો ફાયદો મળે છે. કેટલાંક કઠોળ વર્ગના પાકો જમીનનું ધોવાણ અટકાવે છે તથા તેના પાન, મૂળ, થડ જેવા પાકના અવશેષો જમીનમાં ઉમેરવાથી સેન્દ્રિય પદાર્થની વૃદ્ધિ કરે છે. મિશ્ર પાક પદ્ધતિ એટલે એક જ ખેતરમાં એક મુખ્ય પાક તરીકે અને બીજો પાક સહાયક કે ગૌણ પાક તરીકે લેવામાં આવે છે. જેમાં ટૂંકાગાળાના પાકોનું લાંબાગાળાના પાકો સાથે તથા ધાન્ય વર્ગના પાકોનું કઠોળ વર્ગના પાકો સાથે મિશ્ર પાક પદ્ધતિથી વાવેતર કરવામાં આવે છે.

**મિશ્ર પદ્ધતિથી પાક નિષ્ફળ જવા સામે સફળ સુરક્ષા**

ચોમાસા પર નિર્ભર ખેતીમાં પાકની સફળતા કે નિષ્ફળતાનો આધાર વરસાદ પર આધારિત છે. એમાંય અનિયમિત વરસાદની વહેંચણીથી અમુક પાકને ફાયદો થાય છે. તો કેટલાંક પાક સંપૂર્ણ નિષ્ફળ જાય છે. સતત વરસાદથી કપાસ, બાજરી કે જુવારના પાક પર વિપરીત અસર થાય છે, પરંતુ ડાંગરના પાકને ફાયદો મળે છે. તેમજ વરસાદ ઓછો પડે ત્યારે બાજરી અને તલ જેવા પાકો સારી રીતે લઈ શકાય છે. આમ મિશ્ર પાક પદ્ધતિથી સૂકી ખેતીમાં અનિયમિત વરસાદ સામે પાક નિષ્ફળ જવાનું જોખમ ઘટાડી શકાય અને પિયત ખેતીમાં વધારે આવક મેળવી શકાય છે.

**જમીનની ફળદ્રુપતાની જાળવણી**

જમીનની ફળદ્રુપતા સુધારવા અને ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે યોગ્ય મિશ્ર પાક પદ્ધતિ જરૂરી છે. પાકોની ખાતરની જરૂરિયાત ઘટાડી શકાય છે. આ પદ્ધતિમાં ઉંડા મૂળવાળા પાક સાથે છીછરા મૂળવાળા પાકો લેવાથી જમીનના ઉપરના તથા નીચેના પડમાંથી પોષક તત્વો મેળવી શકાય છે અને બંને પાકોની પોષક તત્વોની જરૂરિયાતો અલગ અલગ હોવાથી વધુ સમતોલ રીતે જમીનના ઉપલબ્ધ તત્વોનો ઉપયોગ કરી શકાય છે. કેટલાક કઠોળ વર્ગના પાકોની જમીન ઉપર આવરણની સ્થિતિમાં પથરાતા હોવાથી જમીનનું ધોવાણ ઓછું કરી શકાય અને જમીનમાં ભેજ જળવાઈ રહે છે.

**મિશ્રપાક પદ્ધતિથી ખેડૂતોની જરૂરિયાત પૂર્ણ કરી શકાય**

ખેડૂતની જીવન જરૂરિયાતની ચીજો મિશ્રપાક પદ્ધતિમાં બે કે વધુ પાકો લેવાથી દાણાની તથા નાણાંની તેમજ પશુઓના ઘાસચારાની જરૂરિયાતો પણ સંતોષી શકાય છે. મજૂરોને વધારે લાંબા સમય સુધી અને વધુ પ્રમાણમાં રોજગારી મળી રહે છે. આ પદ્ધતિથી સમયાંતરે આવક થાય છે અને ભાવ વધઘટથી આર્થિક નુકશાન ઓછું થાય છે.

**ચોમાસામાં વરસાદને અનુરૂપ મિશ્ર પાક લઈ શકાય**

ચોમાસામાં પાછોતરો વરસાદ સારો થાય છે આનો લાભ લેવા માટે કપાસ, દિવેલા, તુવેર કે વરિયાળી જેવા લાંબા ગાળાના પાકોમાં બે ચાસ વચ્ચે ઘાસચારાની જુવાર, ટૂંકાગાળાના શિયાળુ પાકો જેવા કે રાયડો, ચણા, મકાઈ કે ઓટ અને રજકા જેવા પાકની વાવણી થઈ શકે છે. ચોમાસામાં ઓછા વરસાદ કે પાણીની અછતના સંજોગોમાં પાણીની વધારે જરૂરિયાતવાળા કે લાંબાગાળાના પાકોના બદલે કઠોળ અને તૈલી વર્ગના પાકોનું વાવેતર કરવું જોઈએ. આમ ઓછો વરસાદ હોય ત્યારે કે પાછોતરો વરસાદ હોય ત્યારે અનુકુળ મિશ્ર પાકના વાવેતરથી ખેડૂતો એક નહીં તો બીજા પાકથી આવક મેળવી વધુ નુકસાનથી બચી શકે છે.

# ગીર ઓલાદના ઉત્તમ પશુઓનું વૈજ્ઞાનિક ઢબે સંવર્ધન કરાશે : પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલ

## ગીર ગાય અભયારણ્યના સંચાલન માટે કામધેનુ યુનિવર્સિટી અને ગુજરાત પશુધન વિકાસ બોર્ડ સાથે કરાર કરાયા : પશુપેદાશોનું મુલ્યવર્ધન કરી વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરવાથી પશુપાલકોની આવક વધશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૨

ગીર ઓલાદની ગાયના વૈજ્ઞાનિક ઢબે ઉછેર અને જતન માટે રાષ્ટ્રીય ગોકુલ મિશન યોજના હેઠળ પોરબંદર જિલ્લાના ગીર ગાય અભયારણ્ય પ્રોજેક્ટ માટે રૂ.આઠ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગીર ગાય અભયારણ્યના સંચાલન માટે ગાંધીનગરની કામધેનુ યુનિવર્સિટી અને ગુજરાત પશુધન વિકાસ બોર્ડ વચ્ચે રાજ્યના પશુપાલન મંત્રી અને પશુપાલન વિભાગના સચિવની ઉપસ્થિતિમાં કરાર(MOA) કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, કામધેનુ યુનિવર્સિટી દ્વારા ગીર ગાય અભયારણ્યમાં ગીર ઓલાદના ઉત્તમ પશુઓનું વૈજ્ઞાનિક ઢબે સંવર્ધન કરવામાં આવશે. સંવર્ધન થકી પ્રાપ્ત થતા ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા ધરાવતા ગીર સાંઢ રાજ્યના પશુપાલકોને ઉપલબ્ધ થઈ શકશે. આ ઉપરાંત, દુધ, છાણ, મુત્ર વગેરે પશુપેદાશોનું મુલ્યવર્ધન કરી વિવિધ ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવશે.

રાજ્યના પશુપાલકોને પશુપાલન માટેની તાલીમ અને નિદર્શનની સુવિધા પણ મળી રહેશે. મંત્રીએ ઉમેર્યુ કે, કામધેનુ યુનિવર્સિટી દ્વારા ગીર ગાય અભયારણ્યમાં આધુનિક તકનિકનો ઉપયોગ કરી ગીર ઓલાદ સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. જેનાથી ગીર ગાયના ઉત્પાદનમાં વધારો થશે. જેનો લાભ જૂનાગઢ, અમરેલી, પોરબંદર, રાજકોટ વગેરે જિલ્લાઓના પશુપાલકોને મળશે. પોરબંદર જિલ્લાના ધરમપુર ખાતેના આ ગીર ગાય અભયારણ્યમાં ૧૫૦ ગાયો રાખવાની ક્ષમતા ધરાવતા શેડ, ખાણદાણ અને ઘાસચારા સંગ્રહ માટે ગોડાઉન, પાણીની ટાંકી, ઓફીસ બિલ્ડીંગ, સ્ટાફ કવાર્ટર અને કમ્પાઉન્ડ વોલ જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# દ્વારકાની ગૌશાળાના સંચાલકોની બેદરકારીથી ભૂખમરાના કારણે ૧૪ ગૌવંશના મૃત્યું


## ગંભીર બેદરકારી સબબ જામનગરના ત્રણ ટ્રસ્ટીઓ સામે ફરિયાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દ્વારકા નજીક આવેલી કનૈયાધામ ગૌશાળામાં થોડા સમય પૂર્વે કેટલાક ગૌવંશના કરૂણ મોત નીપજ્યા હતા. અહીં આવેલા ગૌ સેવકોની તપાસમાં આ સ્થળે ગાય, નંદી તેમજ વાછરડાઓના મૃત્યુ સંચાલકો, ટ્રસ્ટીઓની બેદરકારીના કારણે તેમજ ભૂખમરાના કારણે થયા હોવાનું જાહેર થયું હતું. આ સમગ્ર પ્રકરણ અંગે ગતરાત્રે દ્વારકા પોલીસ મથકમાં જામનગર ખાતે રહેતા આ ગૌશાળાના ત્રણ ટ્રસ્ટીઓ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. દ્વારકામાં મુરલીધર ટાઉનશિપ, મંદિર ચોકની બાજુમાં રહેતા અને ગૌસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હાર્દિકભાઈ શૈલેષભાઈ વાયડા નામના ૩૭ વર્ષના બ્રાહ્મણ યુવાન દ્વારા આ સમગ્ર પ્રકરણ અંગે જામનગર ખાતે રહેતા અને કનૈયાધામ અન્નક્ષેત્ર ગૌશાળના ટ્રસ્ટી તરીકે કાર્યરત વિજયભાઈ ભોગાયતા, સંજયભાઈ ભોગાયતા અને નગાભાઈ માડમ નામના ત્રણ શખ્સો સામે દ્વારકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદમાં જણાવાયા મુજબ કનૈયાધામ અન્નક્ષેત્ર ગૌશાળામાં આશરે ૯૦ થી ૯૫ જેટલા ગાય, નંદી તેમજ વાછરડા હતા. ગત તારીખ ૨૫ જુલાઈના રોજ આ પૈકી ૧૦ જેટલા ગાય, નંદીના મૃત્યુ થયા હતા. આ બાબત અંગે સ્થાનિક રહીશ હરભમભા કેર દ્વારા ગૌશાળાના ટ્રસ્ટી વિજયભાઈને જાણ કરી, અને આ બાબતે ધ્યાન દોરવામાં આવ્યું હતું. પરંતુ તેમના દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ પછી અન્ય ચાર વાછરડાઓના પણ આ સ્થળે મૃત્યુ નીપજ્યા હતા. આ બનાવ અંગે મૃત્યુ પામેલા ગાય, નંદીના પશુ ડોક્ટર દ્વારા કરવામાં આવેલા પોસ્ટમોર્ટમ અંગેની નોંધ તથા એ.ડી.આઈ.ઓ. લેબોરેટરી વિભાગ - જામનગર દ્વારા આપવામાં આવેલા અભિપ્રાય મુજબ ગૌવંશના મૃત્યુ તથા મોતનું કારણ ભૂખમરાનું હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત અન્ય બીજી ગાયોને પણ ખાવા-પીવાનું ન મળવાથી તેની શારીરિક સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી હતી. પૂરતો ઘાસચારો ન મળતા કેટલાક ગૌવંશ દુર્બળ થઈ ગયા હોવાનું પણ ગૌસેવકોના ધ્યાને આવ્યું હતું. આમ, આ પ્રકારે કનૈયાધામ ગૌશાળાના ટ્રસ્ટીઓની બેદરકારીના કારણે કુલ ૧૪ ગાય-બળદ મૃત્યુ પામ્યા હતા. જ્યારે અન્ય કેટલીક ગાયોને દુર્બળતા આવી ગઈ હતી. જેના કારણે તે નકામી બની ગઈ હતી. આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસે કનૈયાધામ ગૌશાળાના ટ્રસ્ટીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૫ તથા પશુઓ ઘાતકી ધારાની કાયદાની કલમ અન્વયે ધોરણસર ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી હતી

# શ્રી ખોડલધામ મંદિર ખાતે મંદિર સ્ટાફ દ્વારા ગણેશ સ્થાપના કરવામાં આવી : ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો





(પ્રતિનિધિ દ્વારા)

કાગવડ તા.૧૨

મા ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જિલ્લાના કાગવડ ગામે આવેલું ખોડલધામ મંદિર દેશ - વિદેશમાં જાણીતું બની ગયું છે. ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે. ખોડલધામ મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ત્યારે શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપના કરવામાં આવી છે. શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા વિશાળ પંડાલ બનાવી તેમાં ૫ ફૂટની ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જેમાં રજવાડી સાડી અને અલગ અલગ તોરણોથી ગણેશ પંડાલને શણગારવામાં આવ્યો છે.

**ગણેશજીને અન્નકૂટ ધરવામાં આવ્યો**

ઠેર ઠેર ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે શ્રી ખોડલધામ મંદિરના કેમ્પસમાં શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં રોજ સવાર-સાંજ સ્ટાફ દ્વારા આરતી કરવામાં આવે છે. ૧૧ સપ્ટેમ્બરના રોજ ગણેશજીને ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો છે. માં ખોડલના દર્શન સાથે ભક્તો ગણેશજીના દર્શન કરવા આવી રહ્યા છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના વધુ ૨૭ પોલીસ કર્મીઓની આંતરિક બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા કુલ ૨૭ એ.એસ.આઈ., હેડ કોન્સ્ટેબલ વિગેરેના સામુહિક બદલીઓના ઓર્ડર જિલ્લા પોલીસ વડા દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં એ.એસ.આઈ. તરીકે અહીંની સીપીઆઈ કચેરી ખંભાળિયાના કેશુરભાઈ ભાટિયાને ભાણવડ, એસ.ઓ.જી.ના હરદેવસિંહ ગુમાનસિંહ જાડેજાને સલાયા મરીન, ખંભાળિયા પોલીસ મથકના ચંદ્રસિંહ ગુમાનસિંહ જાડેજાને કલ્યાણપુર ખાતે બદલવામાં આવ્યા છે. આ સાથે વાડીનાર, સલાયા, દ્વારકા, કલ્યાણપુર, વિગેરે જુદી જુદી કચેરીઓમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ, એલ.આર. વિગેરેની પણ બદલી કરાઈ છે.

# ખંભાળિયા, ભાણવડમાં ફટાકડાના હંગામી લાયસન્સ મેળવવા તા. ૫ ઓક્ટોબર સુધીમાં અરજી કરવી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા તથા ભાણવડ તાલુકામાં આ વર્ષે દિવાળીના તહેવારો દરમ્યાન હંગામી ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છતા લોકોએ તેમનું ફટાકડા વેચાણ અંગેનું લાયસન્સ મેળવવા માટે કરવાની થતી અરજી નિયત નમુનામાં તમામ આધાર-પુરાવા સાથે ખંભાળિયાની સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ કચેરી ખાતે શનિવાર તા.૫ ઓકટોબર સુધીમાં કરવાની રહેશે. આ તારીખ પછી મળેલી અરજીઓ કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં અને કોઈ પણ રજૂઆતો અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં તેમ અહીંના પ્રાંત અધિકારી કે.કે. કરમટાની એક યાદીમાં જણાવાયું છે.

# મેંદરડા એસટીમાં ટીસી ધનસુખભાઈ પિત્રોડાની પ્રશંસનીય કામગીરી

જૂનાગઢ તા.૧૨

મેંદરડા કંટ્રોલ પોઈન્ટ ખાતે કોમ્પ્યુટર બંધ થઈ જતા ટ્રાફીક કંટ્રોલર દ્વારા પાસ ધારકોને કોઈ પરેશાની ન થાય તેવા શુભ હેતુસર મેંદરડા એસટીના એક સાચા કર્મનિષ્ઠ ટ્રાફીક કંટ્રોલર ધનસુખભાઈ પિત્રોડાએ પોતાના મોબાઈલ દ્વારા પ્રીન્ટર કનેકટ કરી અને પાસધારકોને પાસ કાઢી આપી એક ઉમદા કામગીરી કરેલ છે તેમજ સાથો સાથ એસટીની આવકમાં પણ સારો એવો વધારો કરી આપેલ છે. સ્વચ્છતા બાબતે પોતે અંગ રસ દાખવી રહેલ છે અને ખાસ કરીને મેંદરડા એસટી કંટ્રોલ પોઈન્ટ ઉપરથી વધુ ઈન્કમ કેમ થાય તેવા તેમના પ્રયત્નો કરી રહેલ છે. આમ મેંદરડાની જનતાને સારા એવા પ્રમાણિક નિષ્ઠાવાન અને એક કર્મનિષ્ઠ ટીસી ઘણા સમય બાદ મળે છે. પોતાની ફરજ નિયમિત અને લોકોને કાયમી ધોરણે ઉપયોગી બની સંતોષકારક જવાબો પણ આપી રહેલ છે. સાથો સાથ એસટી વિભાગનું નામ ઉજાગર કરી મેંદરડા તાલુકા ભાજપના મંત્રી મોહનભાઈ મુછડીયા, મેંદરડા તાલુકા ભાજપ મોરચાના પ્રમુખ મોહનભાઈ વાળા અને જૂનાગઢ જીલ્લા ભાજપ મોરચાના પુર્વ મહામંત્રી તેમજ મેંદરડા તાલુકા પંચાયતના પુર્વ ચેરમેન ભીખભાઈ વાઘેલા દ્વારા જણાવવામાં આવેલ છે.

# ખંભાળિયામાં એકતા યુવક મંડળ દ્વારા ગણપતિ વિસર્જનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયાના સતવારા વાડ ખાતે યુવકોની ટીમ દ્વારા એકતા યુવક મંડળના નેજા હેઠળ વિવિધ તહેવારોમાં જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં આકર્ષણરૂપ એવા ગણપતિ મહોત્સવની ઉજવણી દર વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવી હતી. શનિવારે એકતા યુવક મંડળ દ્વારા સ્થાપિત ગણપતિને બુધવારે પાંચમા દિવસે ભાવભરી રીતે વિદાય આપવામાં આવી હતી. જેમાં યુવક મંડળના કાર્યકરોએ સફેદ વસ્ત્રો સજ્જ થઈને વાજતે-ગાજતે, ઢોલ-નગારા સાથે ગણપતિજીને ભાવભરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કાર્યકરો તથા આસપાસના લતાવાસીઓ પણ જોડાયા હતા.

# દ્વારકા નજીક ક્રેટા કારમાં લઈ જવાતા દારૂના જથ્થા સાથે રાણાવાવનો શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

દ્વારકા નજીક ચઢતા પહોરે એક ક્રેટા મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ ક્રેટા કારમાંથી કોથળામાં છુપાવીને લઈ જવાતો દારૂનો તોતિંગ જથ્થો ઝડપાયો હતો.

આ પ્રકરણમાં પોલીસે રૂ. ૭.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દ્વારકા પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકાના પી.આઈ. ડી.એચ. ભટ્ટની સૂચના મુજબ પી.એસ.આઈ. ટી.ડી. ચુડાસમાની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે દ્વારકા નજીક આવેલી ખોડીયાર ચેક પોસ્ટ પાસેથી ગઈકાલે મધ્ય રાત્રિના આશરે ચારેક વાગ્યાના સમયે પસાર થતી જી.જે. ૧૧ બી.આર. ૯૭૯૨ નંબરની સફેદ કલરની એક ક્રેટા મોટરકારને પોલીસે અટકાવીને ચેકિંગ કરતા આ કારમાંથી દેશી દારૂ ભરેલા કોથળાઓ મળી આવ્યા હતા. આથી આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧૧,૦૦૦ ની કિંમતનો ૫૫૦ લીટર દેશી દારૂ તેમજ રૂપિયા ૭ લાખની કિંમતની ક્રેટા મોટરકાર અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૭ લાખ ૧૩ હજારના મુદ્દામાલ સાથે મૂળ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના રહીશ અને હાલ કથારા



નેસ ખાતે રહેતા ગઢવી જેઠા બાધા ટાપરીયા (ઉ.વ. ૩૪) નામના શખ્સની અટકાયત કરી, આ અંગે દ્વારકા પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# માંગરોળના ફુલરામા ગામના ભક્તની ભગવાન પ્રત્યે અનોખી શ્રદ્ધા સાથે સંકલ્પ પુર્ણ કર્યો





(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૨

ભગવાન અને ભક્તની શ્રદ્ધા વિશે અસંખ્ય વખત સાંભળ્યું હશે. ભગવાન પ્રત્યે વિવિધ શ્રદ્ધા સાથે ભક્તો ભાવથી ભકિત કરતા હોય છે. ભગવાનની ભક્તો વિવિધ માસ પ્રમાણે પુજા અર્ચના આરાધ કરતા હોય છે. ત્યારે વાત કરીએ માંગરોળ તાલુકાના ફુલરામા ગામે આવેલ ફુલેશ્વર મહાદેવની જે મંદિર પ્રાચીન અને ઐતિહાસિક છે. જ્યાં ભક્તો શ્રદ્ધાપૂર્વક દર્શન કરે છે અને ભક્તોની મનોકામના પુર્ણ થાય છે એવું અસંખ્ય શ્રદ્ધાળુઓ માને છે. વાત કરીએ ફુલરામા ગામના ગોવિંદભાઈ સીદિભાઈ કિંદરખેડિયા જે ફુલેશ્વર મહાદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા ધરાવે છે. જેમણે સંકલ્પ કર્યો કે મારે જૂનાગઢ દામોદર કુંડથી ફુલેશ્વર મહાદેવ મંદિર ફુલરામા ઘેડ સુધી પદયાત્રા કરી ફુલેશ્વર મહાદેવને જલાભિષેક કરવો છે. જેના સંકલ્પ વિશે એમના કુટુંબીજનો અને મિત્રોને જાણ કરી તો એમણે પણ તેમના સંકલ્પને વધાવી તેમની સાથે પદયાત્રામાં જોડાવા સહમતી દર્શાવી જેમાં રમેશભાઈ, વિજયભાઈ, કમલેશભાઈ, પાંસાભાઈ, સુખદેવગીરી, મનસુખગીરી, શિવમગીરી તથા ગીરશગીરી સહિત પદયાત્રામાં જોડાયા હતા. જે જૂનાગઢ દામોદર કુંડથી જલ ભરીને પગપાળા જૂનાગઢથી ૬૫ કિલોમીટર દૂર ફુલરામા ગામે ફુલેશ્વર મહાદેવ મંદિરે પહોંચી ફુલેશ્વર મહાદેવ જલ અભિષેક કરી ગોવિંદભાઈએ સંકલ્પ પુર્ણ કરી ધન્યતા અનુભવી હતી.


**CHANGE OF NAME**

I have changed my name from ZENAB HANIF MAHIDA to ZENABBEN HANIFBHAI MAHIDA. Now I would be known as ZENABBEN HANIFBHAI MAHIDA

ZENABBEN HANIFBHAI MAHIDA
MANGROL, JUNAGADH, GUJARAT

# ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાને સાચા અર્થમાં રાષ્ટ્રીય કક્ષાનું પ્લેટફોર્મ ક્યારે મળશે ?







ફાઈલ તસ્વીર

## રાજયકક્ષાની સ્પર્ધા જાન્યુઆરીમાં યોજાશે ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા યોજાશે જેથી દેશભરમાંથી સ્પર્ધકો જોડાય તે માટે પ્રચાર તંત્ર જરૂરી

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ખાતે પ્રતિવર્ષ યોજાતી ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનો કાર્યક્રમ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો છે. આગામી વર્ષ એટલે કે ૨૦૨૫નાં જાન્યુઆરી માસમાં આ સ્પર્ધા યોજવા માટેનો તક્ષો ગોઠવાયો છે. આ સ્પર્ધાને કેટલાક વર્ષો પહેલા સ્પર્ધકોની માંગણીને ધ્યાને લઈ રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપી દેવાયો છે પરંતુ આટલા વર્ષો બાદ પણ સ્પર્ધાને રાષ્ટ્રીય ફલક સુધી પહોંચાડવા માટેનું પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવ્યું નથી તેવો વસવસો અને ફરીયાદો ઉઠી રહી છે ત્યારે આગામી જાન્યુઆરી માસમાં યોજાનારી ગિરનાર આરોહણ સ્પર્ધા(રાજય કક્ષાની)અને ત્યાર બાદ યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વધુને વધુ સ્પર્ધકો જોડાઈ તે માટેનું પ્લેટફોર્મ અને યોગ્ય માહોલ ઉભો કરવાની માંગ ઉઠવા પામી છે.

ગુજરાતમાં કયાંય પણ જોવા ન મળે એવા ટ્રેક એટલે કે ગિરનાર ખાતે આવેલી અંબાજી માતાજી મંદિર જવા માટેના ૫૫૦૦ પગથીયાના ટ્રેક ઉપર ઘણા વર્ષો થયા ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજવામાં આવે છે. યુવા વર્ગમાં અત્યંત લોકપ્રિય બનેલી અને યુવામાં જોમ, જુસ્સો અને સાહસ જમાવનારી આ સ્પર્ધામાં જૂનાગઢ જીલ્લા ઉપરાંત દેશના વિવિધ રાજયોમાંથી આવેલા સ્પર્ધકો ભાગ લે છે. ભાઈઓ અને બહેનો એમ કુલ ચાર વિભાગમાં યોજાતી આ સ્પર્ધા પુર્ણ થયા બાદ બપોરના સમયે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ છે. જેમાં ઈનામ અને પુરસ્કાર આપવામાં આવે છે. દર વર્ષે યોજાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની યુવાવર્ગમાં ભારે આતુરતા રહેતી હોય છે. રાજય સરકારનાં સાંસ્કૃતિક વિભાગ તેમજ જૂનાગઢ જીલ્લા રમત ગમત વિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત આ સ્પર્ધાના કાર્યક્રમને સફળ બનાવવા માટે તંત્ર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવતી હોય છે. આ સ્પર્ધાને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપવા માટેની વધતી જતી માંગને કારણે કેટલાક વર્ષો થયા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાને રાષ્ટ્રીય કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો છે અને પ્રથમ રાજય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાયા બાદ તુરંત જ એટલે કે એકાદ મહિના બાદ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજવામાં આવે છે અને આ રીતે બંને સ્પર્ધાઓ યોજવામાં આવે છે અને સ્પર્ધકોને ઈનામ, પુરસ્કાર અને પ્રમાણપત્ર શિલ્ડ આપવામાં આવતાં હોય છે. ખરી વાત હવે જ સામે આવે છે. રાજય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વિજેતા બનેલા સ્પર્ધકોને રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ સ્પર્ધામાં ભાગ લીધો છે. ભલે કહેવાય રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ સ્પર્ધા પરંતુ તેને યોગ્ય પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવતું નથી. જે નીચેની બાબતો અત્રે નીચે મુકવામાં આવી છે.

(૧) ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા બંને કક્ષામાં ભાગ લેતા સ્પર્ધકોને અપાતા સર્ટીફીકેટ, પ્રમાણપત્ર, અન્ય ભરતી સમયે કયાંય ઉપયોગમાં આવતા નથી.

(૨) કઠીન ગણાતી આ સ્પર્ધામાં ભાગ લેતા સ્પર્ધકોને ભવિષ્યમાં કામ આવે તે માટે પ્રયાસો કરવા જોઈએ.

(૩) રાજય કક્ષા કે રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનાં વિજેતાઓને સન્માનવાના સમારોહમાં રાજયકક્ષાનાં કે રાષ્ટ્રીય કક્ષાનાં મંત્રીશ્રીઓ જોવા મળતા નથી.

(૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાના વિજેતાઓને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય કક્ષાના પ્રધાનોની ઉપલબ્ધી માત્રથી યુવાનોને જોમ મળશે.

અત્યંત કઠીન મનાતી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આગામી જાન્યુઆરી ૨૦૨૫માં યોજવાનો કાર્યક્રમ સતાવાર રીતે જાહેર થઈ ગયો છે અને રાજયકક્ષાની સ્પર્ધા યોજવા માટે ત્રણ માસ ઉપરાંતનો સમયગાળો રહયો છે ત્યારે આગામી ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં વધુને વધુ સ્પર્ધકો જોડાઈ ખાસ કરીને જૂનાગઢ જીલ્લા ઉપરાંત રાજયના વિવિધ શહેરો તેમજ દેશના વિવિધ રાજયોમાંથી પણ સ્પર્ધકો ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લઈ તે જરૂરી છે. અને એટલા માટે જ રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર સ્પર્ધા યોજાઈ તે પહેલા જ જાન્યુઆરીમાં યોજાનારી ગિરનાર આરોહણ સ્પર્ધામાં દેશભરમાંથી સ્પર્ધકો જોડાઈ તે માટે પુરતો પ્રચાર પ્રસાર અને આયોજન થકી યોગ્ય પ્લેટફોર્મ ઉભું કરવું જોઈએ.

### માંગનાથ રોડ પર આવેલ દુકાનોના ઓટલા વગર નોટીસે તોડી નાખનાર મનપાનું તંત્ર શહેરમાં આવેલા અન્ય સેંકડો ગેરકાયદેસર દબાણો કેમ દુર કરતું નથી ?

# જૂનાગઢ મનપાના તંત્રએ તટસ્થ-નિષ્પક્ષ કાર્યવાહી કરવી જોઈએ : ભુપેન્દ્ર તન્ના









જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ કલોથ એન્ડ રેડીમેઈડ એશોસીએશનના પ્રમુખ ભુપેન્દ્રભાઈ તન્નાએ અખબાર જોગ નિવેદન કરતા જણાવ્યું છે કે, જૂનાગઢ શહેરના હૃદયસમા માંગનાથ રોડ પર પાણીની પાઈપલાઈન નાખવા માટે સમગ્ર રોડની દુકાનોના ઓટલા કોઈપણ જાતનો સમય કે નોટીસ આપ્યા વગર તોડી પાડવામાં આવેલ છે. તે ખુબ જ દુઃખદ છે. કારણ કે, માંગનાથ રોડ સિવાય પણ શહેરમાં અન્યત્ર સેંકડો દબાણો આવેલા છે. ખાસ કરીને રેલ્વે સ્ટેશનથી લઈ કાળવા ચોક સુધીના રોડ પર જે દબાણો છે તેમજ મોટા બિલ્ડરોએ જે દબાણો કરેલ છે તેને સત્તાવાળાઓ છાવરે છે. જો મહાનગરપાલિકાનું તંત્ર નિષ્પક્ષ હોય તો મનપાએ આપેલી મંજુરીઓ તપાસી અને તે મુજબ કામકાજ થયું છે કે, નહીં તે ચેક કરી ડીમોલીશનની કાર્યવાહી કરવામાં આવે તે ઈચ્છનીય છે. જૂનાગઢની જનતાની પણ એવી લાગણી અને માંગણી છે કે, ડીમોલીશન સહિતની તમામ કાર્યવાહી નિષ્પક્ષ અને તરત જ થવી જોઈએ તો જ લોકોમાં તંત્રનો વિશ્વાસ ટકી રહે. બાકી તો તંત્ર દ્વારા બિલ્ડરોને છાવરવામાં આવી રહ્યા છે અને વ્હાલા દવલાની નીતિ અપનાવવામાં આવી રહી છે. તેની નિવેદનમાં નિંદા કરવામાં આવી છે.

# બાંટવાની ચકચારી લૂંટ પ્રકરણમાં બનાવનું રિ-કન્સ્ટ્રકશન કરાયું







## સેલ્સમેને ફેંકી દીધેલા, દાગીનાના ખાલી બોકસ, કટર અને થેલા કબ્જે કરાયા

જૂનાગઢ તા.૧૨

બાંટવાની ચકચારી લૂંટની ખોટી ફરિયાદ કરનાર અમદાવાદની જવેલર્સ પેઢીના સેલ્સમેન, તેના ભાઈ સહિત ૩ આરોપીઓને સાથે રાખી ગઈકાલે જૂનાગઢ એલસીબી દ્વારા બોટાદ-કુતિયાણા રોડ ઉપર બનાવનું રિ-કન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન સેલ્સમેને ફેંકી દીધેલા દાગીનાના ખાલી બોકસ, કટર અને થેલો કબ્જે કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત મુજબ ફરિયાદી યાજ્ઞિક ધર્મેન્દ્રભાઈ જોષી (નહેરૂ), સાહેદ ધનરાજ મોરારસા ભાડંગે તથા ફરિયાદીના ભાઈ મોહિત ધર્મેન્દ્રભાઈ જોષી દ્વારા રચીત કાવતરાના ભાગરૂપે ગત તા.૬-૯-૨૦૨૪ના રોજ ફરિયાદી તથા સાહેદ દ્વારા પોતાને ત્રણ અજાણ્યા બાઈક ચાલકો દ્વારા લૂંટી લીધેલા હોવા બાબતેની ખોટી ફરિયાદ અંતર્ગત બાંટવા પો.સ્ટે.માં ૧૧૨૦૩૦૦૬૨૪૦૧૩૦૯/૨૦૨૪ બીએનએસ ક.૩૦૯ (૩), (૪), (૬), ૧૧૫ (૨), ૧૧૮(૧), ૨૯૬, ૫૪, જીપીએ.ક.૧૩૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. દરમ્યાન આ બનાવની જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષકશ્રી, નિલેશ જાજડીયાની સુચના તથા પોલીસ અધિક્ષકશ્રી હર્ષદ મહેતાએ માર્ગદર્શન પુરૂ પાડી જીલ્લામાં અલગ-અલગ ટીમો બનાવી તમામ ફોર્સ કામે લગાડી સદરહુ બનેલ ગુન્હાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પો.ઈન્સ. જે.જે. પટેલને સોંપવામાં આવેલ. જે તપાસ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા અથાક મહેનત કરી ગણતરીની કલાકોમાં આ કથીત લુંટના ગુન્હાની ડીટેકટ કરી ફરિયાદી યાજ્ઞિક જોષી, સાહેદ ધનરાજ ભાડંગે તથા ફરિયાદીના ભાઈ મોહિત જોષી દ્વારા ઘડેલ કાવતરાનો પર્દાફાશ કરી ત્રણેય આરોપીઓની અટકાયત કરી કથીત લુંટમાં ગયેલ તમામ મુદામાલની રીકવરી કરવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન આરોપી યાજ્ઞિક જોષીની વિશેષ પુછપરછ દરમયાન યાજ્ઞિક જોષી દ્વારા બનાવ પહેલા જ કલા ગોલ્ડ કંપનીના દાગીનામાંથી આશરે ૨૦૦ ગ્રામ જેટલા વજનના દાગીના યાજ્ઞિક જોષીએ શ્રીજી ટચ, માણેક ચોક, અમદાવાદ ખાતે જવેલર્સ નામની દુકાને ઓગાળી વેંચી નાંખેલ. જે ૨૦૦ ગ્રામ સોનાના દાગીનાના વેચાણથી મળેલ રકમ કુલ રૂા.૧૧,૩૯,૦૦૦ ગત તા.૧૦-૯-૨૦૨૪ ના રોજ પંચો રૂબરૂ કબ્જે કરવામાં આવેલ છે.

બાંટવા લુંટ બનાવનું રી-કન્સ્ટ્રકશન કરાયું

એફએસએલ અધિકારીશ્રી એ.એ. સરીયા તથા ફીંગર પ્રિન્ટ એક્ષપર્ટ શ્રી એચ.એસ. વ્યાસ તથા પંચોની હાજરીમાં આરોપી યાજ્ઞિક જોષી, ધનરાજ ભાડંગેને સાથે રાખી બનાવ સ્થળનું રી-કન્સ્ટ્રશન કરવામાં આવેલ. સાયન્ટીફીક એવીડેન્સ તથા બનાવ સંબંધીત પુરાવાઓ એકત્રીત કરવામાં આવેલ છે. જેમાં આરોપી યાજ્ઞિક જોષીએ તેના ભાઈ મોહિત જોષીને ખખાવી રોડ ઉપર જે જગ્યાએ સોનાના દાગીના બોકસમાંથી કાઢી તથા રોકડા રૂપિયાનું પોટલું બાંધી આપેલ તે જગ્યા આરોપીઓએ બતાવતા તે જગ્યાએ જઈ પંચોની હાજરીમાં બનાવનું રી-કન્સ્ટ્રકશન કરવામાં આવેલ. ઉપરાંત આરોપી યાજ્ઞિક જોષી તથા ધનરાજ ભાડંગે દ્વારા સોનાના દાગીનાના ખાલી બોકસ ચૌટા વાંકથી સરાડીયાની વચ્ચે આશરે ૫ કિ.મી. જેટલા અંતરે અલગ-અલગ ફેંકેલ હતા તે પૈકીના કુલ-૩ બોકસ મળી આવતા પંચોની હાજરીમાં કબ્જે કરવામાં આવેલ. તેમજ આરોપી ધનરાજ ભાડંગે દ્વારા ગુન્હામાં ઉપયોગ કરેલ પીળા કલરનું કટર ચાલુ ગાડીએ સરાડીયાથી પાજોદ રોડ પર ફેંકેલ તે પીળા કલરનું કટર મળી આવતા પંચોની હાજરીમાં કબ્જે કરવામાં આવેલ. આરોપી ધનરાજ ભાડંગે દ્વારા સોનાના દાગીના જે કાળા કલરના બેગમાંથી અમદાવાદથી લાવેલ હતો તે કાળા કલરના ખાલી બેગમાં પત્થરો ભરી ચૌટા વાંકાથી સરકાડીયાથી વચ્ચે રસ્તામાં આવેલ વ્હેતા પાણીના વોકળામાં ફેંકેલ તે કાળા કલરનું બેગ તરવૈયાઓને બોલાવી બેગ મળી આવતા પંચોની હાજરીમાં કબ્જે કરવામાં આવેલ હતું. વધુમાં આ બનાવની તપાસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ જીલ્લામાં અપમૃત્યુનાં ૩ બનાવો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેર, ભેંસાણ અને મેંદરડામાં ૩ના અકાળે મોત થયાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે પ્રેમજીભાઈ રણછોડભાઈ પાણખાણીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની મણીબેન ઉર્ફે મંજુબેન(ઉ.વ.૬૨)વાળાઓને આઠેક વર્ષથી ડાયાબીટીસ અને બીપીની બીમારી હોય જેનું દુઃખ સહન ન થતા એસીડ પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી. જયારે મેંદરડાના સુખપુર ગામે રહેતા કિશનભા જયસુખભાઈ મકવાણા (ઉ.વ.૨૨) વાળાઓ પોતાની ભાગ્યુ રાખેલ વાડીએ પાણી વાળતા હોય દરમ્યાન ખેતરમાં આવેલ સબ સ્ટેશન પાસે ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું મૃતકના પિતા જયસુખભાઈએ ભેંસાણ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે. તેમજ મેંદરડામાં આવેલ મહાલક્ષ્મી ટ્રાવેલ્સના ગેરેજમાં ઈલેકટ્રીક વેલ્ડીંગ કરી રહેલ મહેન્દ્ર રૂપલાલજી સુથાર (ઉ.વ.૧૯) વાળાએ ઈલેકટ્રીક શોક લાગતા મોત નિપજયાનું પ્રભુ કિશનલાલ સુથારે મેંદરડા પોલીસમાં જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# માંગરોળમાં નગરપાલીકાના કોપર વાયરની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

માંગરોળમાં શાપુર જાપા તરફ જતા રોડ પર રાખેલ સ્ટ્રીટ લાઈટના કોપર વાયરની કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરીયાદ માંગરોળ પોલીસમાં નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે રામાભાઈ લાખાભાઈ ધામાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી માંગરોળ નગરપાલીકામાં સ્ટોર કલાર્ક હોય પોતાના હસ્તકનો ૫૦ મીટર સ્ટ્રીટ લાઈટનો કોપર વાયર કિ.રૂા.૩૬૨૫ની કોઈ અજાણ્યો શખ્સો ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**દુકાન વહેંચવાની છે**

ગીરીરાજ સોસાયટીમાં મેઈન રોડ પર ૧૨૬ વાર પર્સનલ કોમર્શિયલ થાય તેવુ મકાન વેચવાનું છે અને ૭૦ અને ૭૫ વારનાં ૨ ટેનામેન્ટ વેચવાના છે તેમજ રોડ ટચ દુકાન વહેંચવાની છે

બ્રોકર દાસાણી ૯૪૨૬૬૨૮૧૨૧

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.